
For Community Only

નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 23 | Saturday 3 February 2024 | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper... newsonlinelive.tv



Gadgets ગુરૂ
Realme 12 Pro 5G સ્માર્ટફોન સિરીઝ લોન્ચ 4

જીએસટી વિભાગના રમેશ ચૌહાણે VRS લઈને કેસરી ખેસ પહેર્યો 7



ફિલ્મ No Entry 2 માંથી સલમાન ખાન 'એક્ઝિટ', અનિલ-ફરદીન ઈન 10




# ...અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ સુરક્ષિત નથી

## વધુ એક વિદ્યાર્થીનું મોત, મૃત્યુનું કારણ અકબંધ, શું થઈ રહ્યું છે?

## એક જ મહિનામાં 4 ભારતીય વિદ્યાર્થીના મોત, પરિવાર શોકમાં

## અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના વાલીઓની ચિંતામાં વધારો થયો

**શિકાગો : અમેરિકામાં છેલ્લા એક માસ દરમિયાન ૪ ભારતીય વિદ્યાર્થીઓના મોત નિપજ્યા છે. જેમાં બે વિદ્યાર્થીઓના મોત કેવી રીતે થયા તેનુ કોઈ યોગ્ય કારણ બહાર આવ્યુ નથી. અમેરિકા આવીને ઉચ્ચ અભ્યાસ કરી પોતાની કારકિર્દી ઘડવા ભારતીય વિદ્યાર્થીઓ તત્પર હોય છે. જો કે, છેલ્લા એક માસમાં અમેરિકાના જુદા-જુદા રાજ્યોમાં કુલ ૪ ભારતીય વિદ્યાર્થીઓના મોતની ઘટનાને પગલે અમેરિકા આવેલા અન્ય વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા ચિંતિત થઈ ગયા છે. અમેરિકાના ઓહાયોમાં ભારતીય વિદ્યાર્થી શ્રેયસ રેડ્ડીનું મોત થયું છે. જોકે, મૃત્યુ ક્યાં અને કેવી રીતે થયું તે અંગેની માહિતી બહાર આવી નથી. ન્યૂયોર્કમાં સ્થિત ભારતીય કોન્સ્યુલેટે શ્રેયસના મોત અંગે જાણકારી આપતાં કહ્યું- શ્રેયસ રેડ્ડી બેનિગર બિઝનેસનો અભ્યાસ કરી રહ્યો હતો. તેના મૃત્યુના સમાચાર સાંભળીને તેઓ દુઃખી છે. આ મામલે પોલીસ તપાસ કરી રહી છે. શ્રેયસનાં માતા-પિતા સાથે પણ સંપર્ક કરવામાં આવ્યો છે. છેલ્લા એક મહિનામાં ભારતીય વિદ્યાર્થીઓનાં મોતનો આ ચોથો કિસ્સો છે. આ પહેલાં નીલ આચાર્ય, વિવેક સૈની અને અકુલ ધવનનાં પણ મૃત્યુ થયાં હતાં.**





1 **ઠંડીના કારણે અકુલ ધવને જીવ ગુમાવ્યો હતો** અકુલ ધવનનો મૃતદેહ 20 જાન્યુઆરી, 2024ના રોજ યુનિવર્સિટી ઓફ ઈલિનોઈસ અર્બના-ચેમ્પેનની બહાર મળી આવ્યો હતો. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ અનુસાર તેનું મોત ઠંડીના કારણે થયું હતું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અકુલના મૃત્યુનું કારણ હાઈપોથર્મિયા હતું. આ એવી સ્થિતિ છે જેમાં શરીરનું તાપમાન સામાન્ય કરતાં ઓછું થઈ જાય છે. અકુલ ધવન ગુમ થયાના સમાચાર હતા. આ પછી ધવનનાં માતા-પિતાએ યુનિવર્સિટી પર બેદરકારીનો આરોપ લગાવ્યો હતો.

2 **જેણે આશરો આપ્યો તેને જ હથોડીના 50 ઘા માર્યા** અમેરિકન રાજ્ય જ્યોર્જિયામાં ભારતીય વિદ્યાર્થી વિવેક સૈનીની હત્યા કરવામાં આવી હતી. આ મામલાની માહિતી રવિવારે સામે આવી. ફોક્સ ન્યૂઝ અનુસાર, 25 વર્ષીય વિદ્યાર્થી વિવેકના માથા પર એક વ્યક્તિએ હથોડીના 50 ઘા માર્યા હતા. વિવેક ફૂડ માર્ટમાં કામ કરતો હતો. વિવેક એક ફૂડ માર્ટમાં કામ કરતો હતો. સ્ટોરની બહાર એક માણસ આવતો હતો, જેની પાસે રહેવા માટે કોઈ ઘર પણ નહોતું. વિવેક અને સ્ટોરના અન્ય કર્મચારીઓએ આ ઘરવિહોણી વ્યક્તિને રહેવા માટે જગ્યા આપી હતી. તે અહીં જ રહેતી હતી, પરંતુ 16 જાન્યુઆરીએ જ્યારે વિવેકે તેને જગ્યા ખાલી કરવા કહ્યું ત્યારે તેણે ગુસ્સામાં આવીને વિવેકની હત્યા કરી નાખી.

3 **નીલ આચાર્યનો મૃતદેહ યુનિવર્સિટી કેમ્પસમાંથી મળી આવ્યો હતો** 28 જાન્યુઆરીએ ઈન્ડિયાના રાજ્યમાં ભારતીય વિદ્યાર્થી નીલ આચાર્યની હત્યા થઈ હતી. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેમને 28 જાન્યુઆરીના રોજ સવારે 11:30 વાગ્યે પરડ્યુ યુનિવર્સિટી કેમ્પસમાં એક મૃતદેહ હોવાનો અહેવાલ મળ્યો હતો. આ પછી પોલીસે નીલના મૃત્યુની પુષ્ટિ કરી. તે 12 કલાકથી ગુમ હતો. તેની માતા ગૌરી આચાર્યએ સોશિયલ મીડિયા પર આ માહિતી આપી હતી. તેમના મૃત્યુનું કારણ પણ બહાર આવ્યું નથી.

## 1 મહિનામાં 4 વિદ્યાર્થીના મોતથી વાલીની ચિંતા માં વધારો થયો, હવે શું કરશે?

ભારતમાં અનેક વિદ્યાર્થીઓને અમેરિકા જઈને ભણવાની ઈચ્છા હોય છે. હાઈસ્કૂલ કે કોલેજમાં અભ્યાસ માટે ભારતમાંથી દર વર્ષે હજારો સ્ટુડન્ટ વિઝા પર અમેરિકા પહોંચે છે. જેના કારણે તેમના વાલી કે માતા-પિતાને તેમની સૌથી વધારે ચિંતા હોય છે. જેમાં છેલ્લાં 1 મહિનામાં ચાર વિદ્યાર્થીઓના અકસ્માતે કે કોઈપણ રીતે મોત થતાં તેમના માતા-પિતા પર મોટો વજ્રાઘાત થયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જ્યારે અન્ય ભારતીય વિદ્યાર્થીઓ કે જે હાલમાં અમેરિકામાં અભ્યાસ કરે છે તેમની ચિંતામાં વધારો થયો છે. ત્યારે જે વિદ્યાર્થીઓ અમેરિકામાં અભ્યાસ કરવા જાય છે તેમણે કેટલીક પાયાની વસ્તુઓ શીખવાની જરૂર છે. જેમ કે કોઈપણ શારીરિક મુશ્કેલી કે રોગ હોય તો તે અંગે તેમણે સ્કૂલ કે કોલેજમાં જાણ કરવી જોઈએ. જેનાથી કોઈપણ સમસ્યા સર્જાય તો પ્રાથમિક સારવાર આપી શકાય. આ સિવાય અજાણ્યા દેશમાં કોઈપણ અજાણી વ્યક્તિ સાથે સંપર્ક રાખતા પહેલાં તેના વિશે બધી માહિતી હોવી જરૂરી છે. નહીં તો તમારા માટે ઘાતક નીવડી શકે છે.

## નીલ આચાર્યના માતાએ સોશિયલ મીડિયા પોસ્ટ કરીને માંગી હતી મદદ

નીલની મોતના પુષ્ટી કરતા પહેલા તેની માતા ગૌરી આચાર્યે સોમવારે સોશિયલ મીડિયા એપ એક્સ પર લખ્યું હતું કે, 'અમારો દીકરો નીલ આચાર્ય કાલે એટલે કે, 28 જાન્યુઆરીએ ગુમ થયો હતો. તે અમેરિકામાં પરડ્યુ વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરે છે. છેલ્લી વખત તે ઉબેર ડ્રાઈવરે જોયો હતો. તેણે તેણીને પરડ્યુ યુનિવર્સિટીમાં છોડી દીધી. જો તમને કંઈ ખબર હોય તો કૃપા કરીને અમને મદદ કરો.' શિકાગોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે આ પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, "કોન્સ્યુલેટ પરડ્યુ યુનિવર્સિટીના અધિકારીઓ અને નીલના પરિવારના સંપર્કમાં છે. કોન્સ્યુલેટ તમામ શક્ય સહાય પૂરી પાડશે." પરડ્યુ વિશ્વવિદ્યાલયમાં કમ્પ્યુટર સાયન્સના પ્રમુખ નીલ આચાર્ય 28 જાન્યુઆરીએ લાપતા થઈ ગયો હતો. થોડા દિવસો બાદ તેની લાશ વિશ્વવિદ્યાલયના પરિસરમાંથી મળી આવી હતી.જેના કારણે તેનો પરિવાર ઉંડા આઘાતમાં ગરકાવ થઈ ગયો છે.

**મૃત્યુનું કારણ સ્પષ્ટ નથી** નીલનું મૃત્યુ કેવી રીતે થયું એ અંગે હજુ સુધી માહિતી મળી નથી. યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ વિભાગે તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને નીલના મૃત્યુ અંગે ઈમેલ દ્વારા જાણ કરી હતી. યુનિવર્સિટીના વિદ્યાર્થી અખબાર, પર્ડ્યુ એક્સપોનન્ટ અનુસાર, કૉલેજ વહીવટીતંત્રે એક ઈમેલમાં જણાવ્યું હતું કે નીલ તરીકે ઓળખાતા વિદ્યાર્થીની લાશ કેમ્પસમાંથી મળી આવી હતી. મૃતદેહ પાસે નીલનું આઈડી પ્રૂફ પણ હતું. તેના મિત્ર અને રૂમમેટ આર્યન ખાનોલકરે કહ્યું- નીલ એક સારી વ્યક્તિ હતી અને અમે બધા તેને હંમેશાં યાદ રાખીશું. નીલ આચાર્ય વર્ષ 2022થી પર્ડ્યુ યુનિવર્સિટીની જોન માર્ટિન્સન ઓનર્સ કોલેજમાં કોમ્પ્યુટર સાયન્સ અને ડેટા સાયન્સમાં ડબલ મેજર કરી રહ્યો હતો. તેણે પુણેથી શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યો.

# દુનિયાના સૌથી મોટા ૩૬૫ મીટર લાંબા જહાજની પ્રથમ સફર શરૂ






1 આઈકન ઓફ ધ સી માં ૪૦ રેસ્ટોરન્ટ, બાર અને લોન્જનો સમાવેશ

2 જહાજ એક સાથે ૭૬૦૦ પ્રવાસીઓ બેસી શકે તેટલું વિશાળ

3 દુનિયાનું સૌથી મોટું ક્રૂઝ 'વંડર ઓફ સી સીઝ' સમુદ્રની સફર પર તરતું શહેર





દુનિયાના સૌથી મોટા જહાજ આઈકન ઓફ ધ સીએ પ્રવાસ શરુ કરી દીધો છે. આઈકન ઓફ ધ સી ફલોરિડાના માયામીથી રોલ્સ કેરેબિયન ગુરપના જહાજના પ્રથમ પ્રવાસની આતુરતાથી રાહ જોવાતી હતી. આ જહાજની લંબાઈ ૩૬૫ મીટર (૧૨૦૦ ફૂટ) છે. ૨૦ માળના આ જહાજ એક સાથે ૭૬૦૦ પ્રવાસીઓ બેસી શકે તેટલું વિશાળ છે. આ જહાજમાં સાત સ્વિમિંગ પૂલ અને સ્લાઈડ છે.આ જહાજ સાત દિવસ સુધી કેરેબિયન દ્વીપોની સફર કરાવશે. આઈકન ઓફ ધ સી માં ૪૦ રેસ્ટોરન્ટ, બાર અને લોન્જનો સમાવેશ થાય છે. જહાજ બનાવવા માટે ૨ અબજ ડોલરનો ખર્ચ થયો છે. અન્ય જહાજોની સરખામણીમાં ૨૪ ટકા જેટલી ઉર્જાનો બચાવ કરે છે. જહાજનું વજન 250800 મેટ્રિક ટન વજન ધરાવે છે જે એલએનજીથી ચાલે છે. આ ઉપરાંત તેમાં બિયરનો જથ્થો એટલો છે કે તમામ 19 સ્વિમિંગ પુલને બે વાર છલોછલ ભરી શકાય. મહાકાય જહાજમાં કુલ 19 ડેક છે. જેમાંથી 16 ડેક પર મુસાફરોને જવાની પરવાનગી છે. 20,000 કિલોવોટના ડિઝલ ત્રણ થ્રસ્ટર્સથી જહાજ ચાલે છે. દરેક થ્રસ્ટર 75,000 હોર્સ પાવરની ક્ષમતા ધરાવે છે. જેના કારણે 25 માઈલ પ્રતિ કલાકની ઝડપે ગતિ કરે છે. એક બિલિયનથી પાઉન્ડથી પણ વધુના ખર્ચે ફ્રાંસમાં તૈયાર થયેલું આ જહાજ ગયા વર્ષે ચીનમાં લોન્ચ થવાનું હતું. પરંતુ મહામારીના કારણે આયોજન મોકૂફ રાખવામાં આવ્યું હતું. અને હવે તેને અમેરિકામાં લોન્ચ કરવામાં આવ્યું હતું. સ્વીમિંગ પુલ, રેસ્ટારાં ઉપરાંત ઓપનએર થિયેટર, આઈસસ્કેટિંગ માટે અલાયદી જગ્યા, મિની ગોલ્ફ કોર્સ અને વીડિયો ગેમિંગ આર્કેડ પણ છે.

## ભારતમાં વર્ષ ૨૦૨૩માં રેકોર્ડતોડ ૧૪ લાખ લોકોને અમેરિકી વિઝા મળ્યા

### USના દર ૧૦ વિઝા અરજદારમાંથી એક ભારતીય, વેઈટિંગ યાદીના દિવસોમાં પણ ઘટાડો થયો

■ વોશિંગ્ટન




ભારતમાં અમેરિકી એમ્બેસી એન્ડ કોન્સ્યૂલેટ દ્વારા ૨૦૨૩માં રેકોર્ડતોડ ૧૪ લાખ અમેરિકી વીઝા બહાર પાડવામાં આવ્યા છે. એટલું જ નહી આગંતુક વીઝાની પ્રતિક્ષાયાદીમાં ૭૫ ટકાનો ઘટાડો થયો છે. સતત ત્રીજા વર્ષે વધુ વિઝા બહાર પાડવાની ઘટના બની છે. ભારતમાં અમેરિકી દૂતાવાસ માહિતી આપતા જણાવ્યું હતું કે દુનિયા ભરમાં અમેરિકાના દર ૧૦ વિઝા અરજદારમાંથી એક ભારતીય છે. નિવેદનમાં એમ પણ જણાવાયું છે કે ૨૦૨૩માં વિવિધ કેટગરીના વિઝાની ખૂબ ડિમાંડ હતી. વર્ષ ૨૦૨૨ની સરખામણીમાં ૬૦ ટકા જેટલો વધારો થયો છે. વિઝિટર વિઝા (બી ૧ બી ૨) અમેરિકી મિશનના ઈતિહાસમાં ૭ લાખથી વધુ અરજીઓ સાથે બીજા ક્રમે છે. વિઝા આપવાની પ્રોસેસમાં સતત સુધારો થયો હોવાથી પ્રતિક્ષા યાદીના દિવસો ૧૦૦૦ દિવસો ઘટીને ૨૫૦ દિવસ થયા છે. આ તમામ વિઝા કેટેગરીમાં ન્યૂનતમ પ્રતીક્ષા છે. ભારતમાં અમેરિકી વાણીજ્ય દૂતાવાસ દ્વારા વર્ષ ૨૦૨૩માં ૧૪ લાખ જેટલા વિઝા બહાર પાડયા છે. દુનિયાના કોઈ પણ દેશની સરખામણીમાં સૌથી વધુ વિઝા ભારતમાં મુંબઈ, નવી દિલ્હી,હૈદરાબાદ અને ચેન્નાઈમાં દુનિયામાં સૌથી વધુ સ્ટુડન્ટ વિઝા પ્રોસેસિંગ પોસ્ટ છે. આ સાથે જ ભારતના સ્ટુડન્ટસ અમેરિકામાં સૌથી મોટો આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટસ સમૂહ બની ગયો છે.

## પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રેપ ફરિયાદીને આઠ કરોડ ડોલર ચૂકવવા પડશે

■ ન્યૂયોર્ક






અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મેનહટન જ્યુરીએ શુક્રવારે લેખિકા ઈ. જીન કેરોલને ૮.૩૩ કરોડ ડોલર ચુકવવાનો આદેશ આપ્યો હતો. કેરોલનો દાવો હતો કે ૧૯૯૦ના મધ્યના દાયકામાં ટ્રમ્પે તેના પર બળાત્કાર ગુજાર્યો હોવાનું નકારીને એક વિશ્વસનીય પત્રકાર તરીકેની તેની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડી હતી. જ્યુરીએ પાંચ દિવસ ચાલેલી સુનાવણીમાં ત્રણ કલાકથી ઓછા સમયમાં આ ચુકાદો આપ્યો હતો. કેરોલે નુકસાની પેટે ઓછામાં ઓછા એક કરોડ ડોલરની માગણી કરી હતી. ટ્રમ્પે આ ચુકાદા સામે અપીલ કરવાનું નક્કી કર્યું છે. ૧૯૯૦ના દાયકામાં તેના પર બળાત્કાર કર્યો હોવાના આરોપને નકારતા હાલ ૮૦ વર્ષની કેરોલે નવેમ્બર ૨૦૧૯માં ટ્રમ્પ સામે દાવો માંડયો હતો. જ્યુરીએ કેરોલને પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા બદલ ૧.૧ કરોડ સહિત વળતર પેટે ૧.૮૩ કરોડ ડોલર મંજૂર કર્યા હતા. ઉપરાંત દંડ તરીકે ૬.૫ કરોડ ડોલર પણ મંજૂર કર્યા હતા જે કેરોલના મતે ટ્રમ્પને તેની બદનામી કરતા રોકવા માટે જરૂરી હતા. ટ્રમ્પે પોતાના બચાવમાં કહ્યું હતું કે તેઓ કેરોલને ઓળખતા પણ નહોતા અને કેરોલે માત્ર પોતાના સંસ્મરણોનું વેચાણ વધારવા આ ખોટો દાવો કર્યો હતો. મે ૨૦૨૩માં અન્ય એક જ્યુરીએ ટ્રમ્પને આવા જ એક ઓક્ટોબર ૨૦૨૨ના કેસમાં ઈન્કાર કરવા બદલ ૫૦ લાખ ડોલર ચુકવવાનો આદેશ આપ્યો હતો. જ્યુરીના મતે ટ્રમ્પે કેરોલની બદનામી કરી હતી અને જાતીય સતામણી કરી હતી. ટ્રમ્પે આ નિર્ણય સામે અપીલ કરી હતી અને પ્રક્રિયા દરમ્યાન પચાસ લાખ ડોલર અલગ રાખ્યા હતા. બંને અપીલોને વર્ષો લાગી શકે છે.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઈ-મેલ આઈડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor**
**Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex, Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi, Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

### નાણા મંત્રી નિર્મલા સીતારમણે છટ્ઠી વખત બજેટ રજૂ કરીને રેકોર્ડ બનાવ્યો

# વચગાળાના બજેટમાં ઈન્કમટેક્સમાં કોઈ રાહત નહીં, અબ્બા, ડબ્બા, જબ્બા

## 3 લાખ રૂપિયા સુધીની આવક કરમુક્ત રહેશે એટલે નોકરિયાત વર્ગને કોઈ ફાયદો નહીં

## જોકે 87A હેઠળ, 7.5 લાખ રૂપિયા સુધીની આવક હશે તો તેમાં ટેક્સમાં છૂટ મળશે

**નવી દિલ્લી: સરકારે આ વખતે ઈન્કમટેક્સમાં સામાન્ય માણસને કોઈ રાહત આપી નથી. જો તમે જૂની ટેક્સ સિસ્ટમ પસંદ કરો છો, તો તમારી 2.5 લાખ રૂપિયા સુધીની આવક હજુ પણ કરમુક્ત રહેશે. જો કે, ઈન્કમટેક્સ એક્ટના સેક્શન 87A હેઠળ, તમે 5 લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ બચાવી શકો છો. નવી ટેક્સ સિસ્ટમ પસંદ કરવા પર, તમારે પહેલાંની જેમ 3 લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ ચૂકવવો પડશે નહીં. આમાં પણ, ઈન્કમટેક્સ એક્ટના સેક્શન 87A હેઠળ, પગારદાર વ્યક્તિઓને 7.5 લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ છૂટ મળી શકે છે અને અન્યને 7 લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ છૂટ મળી શકે છે.**

### ઉદાહરણથી સમજો જૂનું ટેક્સ માળખું

CAના જણાવ્યા મુજબ ધારો કે, જો કોઈની વાર્ષિક આવક રૂ. 5 લાખ છે. જૂની ટેક્સ સિસ્ટમમાં 2.5 લાખ રૂપિયા સુધીની આવક કરમુક્ત છે. આવી સ્થિતિમાં, વ્યક્તિ બાકીના 2.5 લાખ રૂપિયા પર 5% ના દરે ટેક્સ ચૂકવવા માટે જવાબદાર રહેશે. એટલે કે, તેણે 12,500 રૂપિયા ટેક્સ ચૂકવવો પડશે. પરંતુ સરકાર ઈન્કમટેક્સ એક્ટના સેક્શન 87A હેઠળ આ ટેક્સને માફ કરે છે. આમાં પણ એક પેચ છે. જો તમારી કમાણી એક રૂપિયાથી પણ 5 લાખ રૂપિયાથી વધુ છે, તો તમારે એક રૂપિયા પર નહીં પરંતુ 2.5 લાખ રૂપિયા પર ટેક્સ ચૂકવવો પડશે. હવે 2.5 લાખ રૂપિયા પર 5%ના દરે ટેક્સની જવાબદારી 12,500 રૂપિયા થશે. બાકીના 1 રૂપિયા પર 20%ના દરે ટેક્સ ભરવો પડશે. એટલે કે 12,501 રૂપિયા ટેક્સ ચૂકવવો પડશે.

### જૂની -નવી કર વ્યવસ્થા વચ્ચેનો તફાવત

આવકવેરા રિટર્ન ફાઈલ કરવા માટે બે વિકલ્પો છે. 1 એપ્રિલ 2020ના રોજ નવો વિકલ્પ આપવામાં આવ્યો હતો. નવા ટેક્સ સ્લેબમાં, કરમુક્ત આવકની શ્રેણી 2.5 લાખ રૂપિયાથી વધારીને 3 લાખ રૂપિયા કરવામાં આવી હતી, પરંતુ કરકપાત દૂર કરવામાં આવી હતી. તે જ સમયે, જો તમે જૂના ટેક્સ સ્લેબને પસંદ કરો છો, તો તમે ઘણા પ્રકારની કરકપાતનો લાભ લઈ શકો છો. જૂના ટેક્સ શાસનમાં આવકવેરા કાયદાની કલમ 80C હેઠળ રૂ. 1,50,000 સુધીની કપાત ઉપલબ્ધ છે. આ સિવાય જૂના શાસનમાં અન્ય ઘણા પ્રકારની કરકપાતનો લાભ લઈ શકાય છે. બીજો મોટો તફાવત એ છે કે જૂના શાસનમાં, કલમ 87A હેઠળ રિબેટ પછી, 5 લાખ રૂપિયા સુધીની આવક કરમુક્ત છે, જ્યારે નવા શાસનમાં, 7.5 લાખ રૂપિયા સુધીની આવક કરમુક્ત છે.

### બજેટ 2023માં ટેક્સ અને રોકાણ અંગે મોટા ફેરફારો

1 **સરકારે નવી ટેક્સ વ્યવસ્થા માટે રિબેટ વધારીને રૂ. 7 લાખ કરી દીધી** નવી ટેક્સ સિસ્ટમ પસંદ કરનારાઓ માટે રિબેટ મર્યાદા વધારીને 7 લાખ રૂપિયા કરવામાં આવી છે. પહેલાં તે 5 લાખ રૂપિયા હતી. બજેટમાં પગારદાર વર્ગને વધુ એક રાહત આપવામાં આવી છે. નવી ટેક્સ સિસ્ટમમાં 50,000 રૂપિયાનું સ્ટાન્ડર્ડ ડિડક્શન પણ સામેલ કરવામાં આવ્યું છે.

2 **સિનિયર સિટિઝન્સ અને મંથલી ઇન્કન સ્કીમમાં રોકાણની મર્યાદા વધી** ગયા બજેટમાં સરકારે સિનિયર સિટિઝન્સ સેવિંગ્સ સ્કીમમાં રોકાણની મર્યાદા વધારીને 30 લાખ રૂપિયા કરી હતી. અગાઉ આ સ્કીમમાં વધુમાં વધુ 15 લાખ રૂપિયાનું જ રોકાણ કરી શકાતું હતું. આ યોજનામાં વાર્ષિક 8.2% વ્યાજ આપવામાં આવે છે.

તે જ સમયે, મંથલી ઈન્કમ સ્કીમમાં રોકાણની મર્યાદા 4.5 લાખ રૂપિયાથી વધારીને 9 લાખ રૂપિયા કરવામાં આવી હતી. જોઈન્ટ એકાઉન્ટ માટે પણ મર્યાદા 9 લાખ રૂપિયાથી વધારીને 15 લાખ રૂપિયા કરવામાં આવી છે. આ યોજના 7.4% વાર્ષિક વ્યાજ આપે છે.

3 **મહિલા સન્માન યોજનામાં રૂ. 2 લાખ. રૂ. સુધીના રોકાણ પર 7.5% વ્યાજ** 'મહિલા સન્માન બચત પ્રમાણપત્ર' બજેટમાં 7.5%ના વ્યાજ દર સાથે લોન્ચ કરવામાં આવ્યું હતું. આમાં મહિલાઓ 2 વર્ષ માટે વધુમાં વધુ 2 લાખ રૂપિયા જમા કરાવી શકે છે. એટલે કે, 2 લાખ રૂપિયાના રોકાણ પર, આ યોજના બે વર્ષમાં 32 હજાર રૂપિયાનો નફો આપશે.




## NEWS FILE

### 40,000 સામાન્ય કોચને વંદે ભારતમાં કન્વર્ટ કરાશે



નવી દિલ્હીઃ નાણામંત્રી નિર્મલા સીતારમણે ગુરુવારે મોદી સરકારનું લોકસભા ચૂંટણી પૂર્વેનું અંતિમ અને વચગાળાનું બજેટ રજૂ કર્યુ. મોદી સરકારના બીજા કાર્યકાળના છેલ્લા બજેટમાં રેલવેને શાનદાર ભેટ મળી છે. ગુરુવારે લોકસભામાં બજેટ રજૂ કરતી વખતે નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે આગામી વર્ષોમાં 3 નવા રેલવે ઈકોનોમિક કોરિડોર બનાવવામાં આવશે. આ કોરિડોર એનર્જી, મિનરલ્સ અને સિમેન્ટ માટે હશે. PM ગતિશક્તિ યોજના હેઠળ આ પ્રોજેક્ટની ઓળખ કરી લેવામાં આવી છે. તેનાથી પેસેન્જર ટ્રેનોના ઓપરેશનમાં સુધારો થશે અને ટ્રેનોમાં મુસાફરી કરવું સુરક્ષિત રહેશે.

### મારુતિ સુઝુકીને પછાડીને ટાટા મોટર્સ સૌથી કિંમતી ઓટો કંપની

મુંબઈઃ મારુતિ સુઝુકીને પાછળ છોડીને ટાટા મોટર્સ હવે સૌથી વેલ્યૂએબલ ઓટો કંપની બની ગઈ છે. ટાટા મોટર્સે 7 વર્ષ પછી માર્કેટ કેપિટલાઈઝેશનની દ્રષ્ટિએ મારુતિ સુઝુકીને પાછળ છોડી દીધી છે. ટાટા મોટર્સની માર્કેટ કેપિટલાઈઝેશન વધીને રૂ. 3.15 લાખ કરોડથી વધુ થઈ ગઈ છે. હવે 3.13 લાખ કરોડ રૂપિયા રહી ગયા છે. ટાટા મોટર્સના શેરે મંગળવાર (30 જાન્યુઆરી)ને સર્વકાલીન ઉચ્ચ સ્તરે બનાવ્યો હતો, જેના કારણે કંપનીએ આ સ્થાન હાંસલ કર્યું છે. ટ્રેડિંગ દરમિયાન ટાટાના શેર 5%થી વધુના ઉછાળા સાથે રૂ. 885.95ના સ્તરે પહોંચ્યા હતા.

### વૈશ્વિક અર્થતંત્ર 3.1 ટકાના દરે વૃદ્ધિ નોંધાવશે, ફુગાવો ઘટશે




વૉશિંગ્ટનઃ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે યુએસમાં મજબૂત અર્થતંત્ર તેમજ ફુગાવાના ધીમા દરને કારણે ચાલુ વર્ષે વૈશ્વિક અર્થતંત્રના આઉટલુકમાં સુધારો કર્યો છે તેમજ સ્થિતિસ્થાપક વૃદ્ધિદરનો આશાવાદ પણ વ્યક્ત કર્યો હતો. 190 દેશોને લોન આપતી એજન્સી ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે વૈશ્વિક અર્થતંત્ર ચાલુ વર્ષે 3.1%ના દરે વૃદ્ધિ પામશે તેવો અંદાજ વ્યક્ત કર્યો છે, જે 2023માં પણ એ જ હતો, પરંતુ તે ગત ઑક્ટોબરમાં વ્યક્ત કરાયેલા 2.9%ના અનુમાન કરતાં વધુ છે. IMF અનુસાર ફુગાવો વર્ષ 2023ના 6.8%થી ઘટીને વર્ષ 2024માં 5.8% અને 2025માં 4.4% થશે.

# Paytm બેંક અને વોલેટ સર્વિસ 29 ફેબ્રુઆરી પછી બંધ

## નિયમોની સતત અવગણના થતાં RBIએ લીધાં કડક પગલાં

■ નવી દિલ્હી

ભારતીય રિઝર્વ બેંક (RBI)એ Paytmની બેંકિંગ શાખા પેટીએમ પેમેન્ટ્સ બેંક (PPBL) પર તાત્કાલિક અસરથી નવા ગ્રાહકો જોડવા પર પ્રતિબંધ મૂક્યો છે. RBIએ 31 જાન્યુઆરી 2024ના રોજ આ આદેશ જાહેર કર્યો છે. સેન્ટ્રલ બેંકે નિયમોનું પાલન ન કરવા બદલ બેંકિંગ રેગ્યુલેશન એક્ટ હેઠળ પેટીએમ પેમેન્ટ્સ બેંક વિરુદ્ધ આ કાર્યવાહી કરી છે. આ સાથે RBIએ કંપનીને 29 ફેબ્રુઆરી પછી વર્તમાન ગ્રાહકોના ખાતામાં રકમ ઉમેરવાનું બંધ કરવાનો આદેશ પણ આપ્યો છે. આ ઓર્ડર પછી Paytm પેમેન્ટ બેંકમાં કોઈ ક્રેડિટ/ડિપોઝિટ ટ્રાન્ઝેક્શન થશે નહીં. અને 29 ફેબ્રુઆરી પછી Paytm પેમેન્ટ બેંક બેંકિંગ સેવાઓ પ્રદાન કરી શકશે નહીં. કંપનીએ સતત પાલન ધોરણોનું ઉલ્લંઘન કર્યું છે. ઓડિટમાં સુપરવાઈઝરી ક્ષતિઓ પણ બહાર આવી હતી.




# બજેટ પહેલા સરકાર માટે ખુશખબર, GST કલેક્શનમાં વધારો

## અત્યાર સુધીનું બીજું સૌથી મોટું જીએસટી કલેક્શન

■ નવી દિલ્લી

નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, અત્યાર સુધીનું બીજું સૌથી મોટું જીએસટી કલેક્શન ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કલેક્શન 10.4 ટકા વધીને 1.72 લાખ કરોડ રૂપિયા નોંધવામાં આવ્યું છે. આ કલેક્શન અત્યાર સુધીનું બીજું સૌથી મોટું કલેક્શન છે. ચાલુ નાણાકીય વર્ષમાં ત્રીજી વખત જીએસટી કલેક્શન 1.70 લાખ કરોડ રૂપિયા કે તેનાથી વધારે નોંધવામાં આવ્યું છે.

એપ્રિલ 2023 થી જાન્યુઆરી 2024 સુધીના ગાળામાં કુલ જીએસટી કલેક્શન 16.69 લાખ કરોડ રૂપિયા રહ્યું છે. જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં 11.6 ટકા વધુ છે. એપ્રિલ 2022 થી જાન્યુઆરી 2023 સુધીના ગાળામાં કુલ જીએસટી કલેક્શન 14.96 લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. અત્યાર સુધીનું સૌથી વધુ જીએસટી કલેક્શન એપ્રિલ 2023 માં 1.87 લાખ કરોડ રૂપિયા નોંધવામાં આવ્યું હતું.

### GST કલેક્શન મજબૂત ઈકોનોમીની નિશાની, જીએસટી કલેક્શન દશાવે છે મજબૂત




ટેક્સ નિષ્ણાતોએ જણાવ્યું છે કે જીએસટી કલેક્શન સતત વધી રહ્યું છે. નાણાકીય વર્ષ 2017-18 માં સરેરાશ જીએસટી કલેકશન 0.85 લાખ કરોડ રૂપિયા હતું. જે નાણાકીય વર્ષ 2023-24 માં વધીને 1.65 લાખ કરોડ રૂપિયા હતું. સતત વધી રહેલા જીએસટી કલેક્શનને પગલે સરકારને વધુ જીએસટી સુધારા કરવાની તક મળશે. જાન્યુઆરી 2024 નું 1.72 લાખ કરોડ રૂપિયા છે. જીએસટી કલેક્શન પથી કહી શકાય કે દેશમાં આર્થિક પ્રવૃત્તિઓ ઝડપથી વધી રહી છે. નાણા મંત્રાલયે જણાવ્યું છે કે 31 જાન્યુઆરીએ સાંજે પાંચ વાગ્યા સુધીમાં જીએસટીની આવક 1,72,129 કરોડ રૂપિયા રહી હતી. જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં 10.4 ટકા વધુ છે. ઉલ્લેખનીય છે કે જાન્યુઆરી, 2023માં જીએસટી કલેકશન 1,55,922 લાખ કરોડ રૂપિયા રહ્યું હતું.

## તંત્રીસ્થાનેથી...

# લગ્ને લગ્ને કુંવારા નીતિશ કુમારનું ભાજપ સાથે ફરી નાતરું



**બિહારના** રાજકારણમાં વધુ એક ભવાઈ ભજવાઈ ગઈ અને લગ્ને લગ્ને કુંવારા નીતિશે ફરી ઘડિયાં લગ્ન લઈને પાછા વરરાજા બનીને ફરી ભાજપ સાથે નાતરું કરી નાંખ્યું. નીતિશ ગઈ કાલ સુધી લાલુ પ્રસાદ યાદવની રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના ટેકાથી મુખ્યમંત્રીપદે બેઠા હતા. ગઈ કાલ સુધી આરજેડી અને કોંગ્રેસના નેતા નીતિશ કુમારની જાનમાં નાચતા હતા. રવિવારે સીન ચેન્જ થઈ ગયો પણ વરરાજા નીતિશ જ રહ્યા, ખાલી જાનૈયા બદલાઈ ગયા. નીતિશ અત્યાર લગી જેમને હડધૂત કરતા હતા એ ભાજપવાળા નીતિશની જાનમાં નાચ્યા ને આરજેડી-કોંગ્રેસવાળા મોં વકાસીને જોતા રહ્યા.

બિહારના રાજકારણમાં ભજવાયેલી આ ભવાઈ રસપ્રદ ચોક્કસ છે પણ અણધારી કે આંચકાજનક જરાય નથી કેમ કે નીતિશ કુમાર આરજેડીને હડસેલીને ગમે ત્યારે પાછા ભાજપના પડખામાં ભરાઈ જવાના છે એ નક્કી જ હતું. સવાલ નીતિશ નવું નાતરું ક્યારે કરે તેનો હતો ને રવિવારે એ થઈ ગયું. છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી અટકળોનો અંત લાવીને નીતિશ કુમારે રવિવારે સવારે મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપ્યું અને તરત જ ભાજપના ટેકાથી સરકાર રચવાનો દાવો પણ કરી નાંખ્યો. બિહારના રાજ્યપાલ રાજેન્દ્ર આરલેકરે નીતિશને સરકાર રચવાનું નોંતરૃં આપી દીધું અને સાંજે પાંચ વાગ્યે વાજતેગાજતે નીતિશ કુમાર પાછા મુખ્યમંત્રીપદે બેસી પણ ગયા.

આ તાજપોશી સાથે નીતિશ કુમારે પોતાને આઝાદ ભારતના ઈતિહાસના સૌથી મોટા તકસાધુ અને પલટુરામ સાબિત કરી દીધા છે. ભારતમાં વિદ્યાચરણ શુકલથી માંડીને અજીતસિંહ ને રામવિલાસ પાસવાન સુધીના ઘણા એવા નેતા આવ્યા કે જે સત્તા જોઈને પલટી મારતાં વિચાર કરતા નહોતા. આ બધા નેતા જેની સત્તા હોય તેના પડખામાં ભરાઈને સત્તા ભોગવવામાં હોંશિયાર હતા તેથી વરસોના વરસો સુધી કેન્દ્ર કે રાજ્ય સરકારોમાં મંત્રીપદ ભોગવતા રહ્યા.

નીતિશ કુમાર આ બધા પલટુરામ નેતાઓના બાપ સાબિત થયા છે કેમ કે ભારતમાં કોઈ નેતા નીતિશની જેમ રંગ બદલી બદલીને મુખ્યમંત્રીપદે ચીટકી રહેવામાં સફળ થયો નથી. નીતિશ કુમાર ૨૦૦૫થી બિહારમાં સત્તાના કેન્દ્રસ્થાને છે. ૨૦૦૫માં નીતિશ બીજી વાર મુખ્યમંત્રી બન્યા પછી ૨૦ મે, ૨૦૧૪થી ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૫ સુધીના ૨૭૮ દિવસ એટલે કે નવ મહિના અને એક અઠવાડિયા માટે જીતનરામ માંઝી મુખ્યમંત્રી બન્યા તેને બાદ કરતાં બાકીનો સમય ની તિશ કુમાર જ મુખ્યમંત્રીપદે રહ્યા છે.

૨૦૦૫ના નવેમ્બરમાં યોજાયેલી બિહાર વિધાનસભાની ચૂંટણી પછીનાં ૧૮ વર્ષમાંથી ૧૭ વર્ષથી વધારે સમય તો નીતિશે જ સત્તા ભોગવી છે. આ પૈકી એક પણ ચૂંટણીમાં નીતિશ કુમારને સ્પષ્ટ બહુમતી મળી નથી છતાં નીતિશ ૧૮ વર્ષ મુખ્યમંત્રીપદે રહ્યા તેનું કારણ સત્તા માટે સિધ્ધાંતોને કોરાણે મૂકીને તડજો કરવાની અને પવન જોઈને સઢ બદલવાની આવડત છે. ભારતમાં પલટુરામોના આદર્શ મનાતા ભજનલાલ અને દેવીલાલ જેવા નેતા પણ શરમાઈ જાય એ સિફતથી નીતિશ સાથીઓ બદલીને સત્તામાં ટકી રહ્યા છે.

નીતિશ કુમાર ૨૦૦૦ની સાલમાં પહેલી વાર બિહારના મુખ્યમંત્રી બન્યા ત્યારે સાત જ દિવસ ટકેલા કેમ કે તેમની પાસે બહુમતી નહોતી. ૨૦૦૫માં બીજી વાર મુખ્યમંત્રી બન્યા ત્યારે ભાજપના ટેકાથી બનેલા. ૨૦૧૦માં પણ ફરી ભાજપના ટેકાથી ગાદી પર બેઠેલા પણ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીને ભાજપે વડાપ્રધાનપદના ઉમેદવાર બનાવ્યા એ કારણે નીતિશ ભાજપથી નોખા થઈ ગયેલા. નીતીશ પાસે એ વખતે ૨૪૩ સભ્યોની વિધાનસભામાં ૧૧૫ સભ્યો હતા તેથી કોઈ મોટા પક્ષના ટેકાની જરૂર નહોતી.

ભાજપે લોકસભાની ૨૦૧૪ની ચૂંટણીમાં સપાટો બોલાવ્યો તેમા નીતિશ પણ સાફ થઈ ગયેલા. નીતિશે સમયસૂચકતા બતાવીને લાલુ પ્રસાદ યાદવ સાથે જોડાણ કરી લેતાં ૨૦૧૫ની ચૂંટણીમાં જીતીને ફરી સત્તામાં આવ્યા. નીતિશની એ પહેલી ગુલાંટ હતી. ૨૦૧૭માં તેજસ્વી યાદવનું ભ્રષ્ટાચારના કેસમાં નામ આવ્યું એ બહાને આરજેડીને છોડીને નીતિશ પાછા ભાજપની પંગતમાં બેસી ગયેલા ને બીજી ગુલાંટ લગાવી.

# ડબલ્યુડબલ્યુઈમાં સેકસ સ્કેમ રેસલિંગ ટાયકૂન વિન્સ મેકમોહન રેપિસ્ટ?

## વિચાર મંથન

**અમેરિકામાં** પ્રોફેશનલ રેસલિંગના પ્રણેતા મનાતા વિન્સેટ ઉર્ફે વિન્સ મેકમેહોન સામે બળાત્કારની ફરિયાદ થતાં ખળભળાટ મચી ગયો છે. વિશ્વમાં કુશ્તીના સૌથી મોટા પ્રમોટર વર્લ્ડ રેસલિંગ એન્ટરટેઈનમેન્ટ (ડબલ્યુડબલ્યુઈ)ના સહ-સ્થાપક વિન્સે પોતાના પર ત્રણ વર્ષ સુધી બળાત્કાર કર્યો હોવાનો ડબલ્યુડબલ્યુઈની ભૂતપૂર્વ કર્મચારી જેનલ ગ્રાન્ટે આરોપ મૂક્યો છે. જેનલે વિન્સ સામે પોર્ન રીવેન્જ, બ્લેકમેઈલિંગ, હિંસક શરીર સંબંધો બાંધવા. માનસિક યાતના આપવા સહિતના ગંભીર આરોપો મૂક્યા છે.

જેનલનો દાવો છે કે, વિન્સે તેની સાથે શરીર સંબંધ બાંધવા ઉપરાંત સતત તેના પર માનસિક અત્યાચાર ગુજાર્યો હતો અને શરીર સંબંધ દરમિયાન શારીરિક હિંસા પણ આચરી હતી. જેનલના આક્ષેપ પ્રમાણે, વિન્સે તેની સાથેના સેક્સના વીડિયો પણ ઉતાર્યા હતા. આ વીડિયો બહાર પાડવાની ધમકી આપીને વિન્સ પોતે તો જેન્સને ભોગવતો જ પણ પોતાના ફાયદા માટે તેને બીજા પુરૂષોની હવસ સંતોષવા પણ મોકલતો હતો.

જેનલ ૨૦૧૯ના માર્ચમાં પહેલી વાર વિન્સને મળી હતી. એ વખતે વિન્સે ડબલ્યુડબલ્યુઈમાં જોરદાર કારકિર્દી બનાવવાની તક આપવાની વાતો કરીને ફસાવી હતી. વિન્સ મેકમેહોનની વાતોમાં આવી ગયેલી જેનલના વિન્સ સાથે સેક્સ સંબંધ બંધાયા હતા. રેસલિંગની દુનિયામાં મોટું નામ બનાવીને સફળ પ્રોફેશનલ કરીયરની લાલચમાં જેનલ ૨૦૧૯ના જૂનમાં ડબલ્યુડબલ્યઈમાં જોડાઈ હતી. જેનલ ૨૦૧૯ના જૂનથી ૨૦૨૨ના માર્ચ સુધી ડબલ્યુડબલ્યુઈની કર્મચારી હતી.

આ સમયગાળા દરમિયાન કંપનીના ટેલેન્ટ રીલેશન્સ બોસ જૌન લૌરિનેઈટિસની ઓફિસમાં લૌરિનેઈટીસ અને વિન્સ મેકમેહોન વારાફરતી શરીર સંબંધ બાંધતા હતા. જેનલે વિન્સ પોતાની સાથે શરીર સંબંધ બાંધતી વખતે કેવી ગંદી અને ઘૃણાસ્પદ હરકતો કરતો તેની વાતો ફરિયાદમાં લખી છે. એ બધું અહીં લખી શકાય તેમ નથી પણ એ સાચું હોય તો વિન્સ માનસિક વિકૃત્ત માણસ જ કહેવાય.

જેનલને ડબલ્યુડબલ્યુઈના રેસલર્સની હવસ સંતોષવા પણ મોકલવામાં આવતી હતી. વિન્સ નવા રેસલરને આકર્ષવા માટે પણ જેનલનો ઉપયોગ કરતા હતા. કોઈ ટેલેન્ટેડ લાગતા રેસલરને ડબલ્યુડબલ્યુઈમાં લાવવાનો હોય ત્યારે તેને લોભાવવા માટે જેનલને તેની પાસે મોકલાતી. જેનલ રેસલર સાથે સંબંધ બાંધીને તેને ડબલ્યુડબલ્યુઈમાં ખેંચી લાવતી. વિન્સ જેનલને ડબલ્યુડબલ્યુઈ માટે મહત્વના કર્મચારીઓ સાથે સેક્સ માણવાની ફરજ પણ પાડતો હતો.

જેનલો સૌથી મોટો ધડાકો એ કર્યો છે કે, પ્રોફેશનલ રેસલિંગની દુનિયામાં મોટા નામ ગણાતા ઘણા સુપરસ્ટાર પાસે પોતાને મોકલવામાં આવી હતી અને સેક્સ માણવાની ફરજ પાડવામાં આવી હતી. જેનલની ફરિયાદની જે વિગતો બહાર આવી છે તેમાં કોઈના નામનો સ્પષ્ટ ઉલ્લેખ નથી જેનલે 'સુપરસ્ટાર્સ' તરીકે ઉલ્લેખ કર્યો છે. કોર્ટ કેસ દરમિયાન જેનલ તેમનાં નામ લે તો વિન્સ મેકમેહોનની સાથે અત્યંત લોકપ્રિયતા ધરાવતા બીજા ઘણા 'સુપરસ્ટાર્સ' પણ વધેરાઈ જશે.

જેનલના દાવા પ્રમાણે, વિન્સની પત્ની લિન્ડાને વિન્સ સાથેના સંબંધોની ખબર ના પડી ગઈ હોત તો વિન્સનું આ બ્લેકમેઈલિંગ અને બળાત્કાર હજુ ચાલતાં હોત. લિન્ડાએ હોહા કરી મૂકી પછી વિન્સે જેનલને છૂટી કરવી પડી હતી. એ વખતે વિન્સે ૩૦ લાખ ડોલર ચૂકવીને પોતાની સાથે નોન-ડિસક્લોઝર એગ્રીમેન્ટ કરી લીધેલો કે જેથી જેનલ તેની પોલ ના ખોલી નાંખે. જેનલે આ કરાર રદ કરાવવા પણ અરજી કરી છે એ જોતાં ભવિષ્યમાં બુક લખીને કે કોર્ટમાં પણ ઘણા 'સુપરસ્ટાર્સ'નાં કપડાં ઉતારી શકે છે.

જેનલની ફરિયાદે ખળભળાટ મચાવી દીધો છે કેમ કે વિન્સ મેકમેહોન પોતે અને તેનો આ પરિવાર અમેરિકામાં બહુ મોટું નામ ધરાવે છે. વિન્સ જેનો સર્વેસર્વા છે એ ડબલ્યુડબલ્યુઈ પહેલાં ડબલ્યુડબલ્યુએફ તરીકે ઓળખાતી હતી ને વિશ્વમાં રેસલિંગ (કુશ્તી)નું સૌથી મોટું પ્લેટફોર્મ છે. ડબલ્યુડબલ્યુએફના કુશ્તીબાજો સ્ટંટમેનની જેમ નકલી કુશ્તી કરતા હોય છે પણ ટ્રેઈન્ડ રેસલર્સ એ રીતે કુશ્તી કરે છે કે લોકો તેને સાચી કુશ્તી જ માને છે.

ભારતમાં ૧૯૯૦ના દાયકામાં સ્ટાર સ્પોર્ટ્સ સહિતની ટીવી ચેનલો પર ડબલ્યુડબલ્યુએફની કુશ્તી બતાવવાની શરૂઆત થઈ ત્યારે લોકો તેને અસલી રેસલિંગ જ માનતા હતા. ભારતમાં તો ડબલ્યુડબલ્યુએફની એન્ટ્રી બહુ મોડી થઈ પણ અમેરિકામાં તો સો વર્ષ પહેલાં નૂરા કુશ્તી દ્વારા કમાણી કરવાનો આઈડિયા મેકમેહોન પરિવારે અમલમાં મૂકી દીધેલો. વિન્સના દાદા કુશ્તીના પ્રમોટર હતા પણ તેના પિતા જેસ મેકમેહોને ૧૯૧૫માં અમેરિકામાં નૂરા કુશ્તીનાં દંગલ શરૂ કર્યાં ત્યારે કોઈને આ રીતે કમાણી કરી શકાય એવી કલ્પના પણ નહોતી.

જેસે રેસલિંગ શોના આયોજક તરીકે નામના મેળવી હતી તેનો લાભ તેના દીકરા વિન્સે લીધો. જેસ અને વિન્સે ૧૯૫૩માં કેપિટોલ રેસલિંગ ફેડરેશન બનાવીને ઓર્ગેનાઈઝ્ડ વેમાં દંગલ યોજવા માંડયાં. અમેરિકામાં ત્યાં સુધી ટીવી આવી ગયું હતું તેથી તેના પર દંગલ બતાવાતાં. તેને જબરદસ્ત સફળતા મળેલી.

જેસ વરસ પછી ૧૯૫૪માં ગુજરી ગયા પણ વિન્સને દંગલોનો કસબ શીખવીને ગયેલા. વિન્સે તેનો ભરપૂર લાભ લીધો ને નકલી કુશ્તીનો ચસકો લગાવીને આખી દુનિયામાં છવાઈ ગયા. ડબલ્યુડબલ્યુઈ અત્યારે વિશ્વમાં સૌથી સફળ સ્પોર્ટ્સ પ્લેટફોર્મ ગણાય છે. ફિલ્મો, વીડિયો, ટીવી પ્રોગ્રામ્સ, મ્યુઝિક, વીડિયો ગેમ્સ સહિતનું બધું જ ડબલ્યુડબલ્યુઈ કરે છે. રેસલર્સનાં ટી શર્ટથી માંડીને રેસલિંગ બેલ્ટ સુધીનાં મર્કેડાઈન્ઝ વેચે છે ને કરોડો કમાય છે.

ડબલ્યુડબલ્યુઈની વરસની કમાણી ૧૩૦ કરોડ ડોલર (લગભગ ૧૧ હજાર કરોડ રૂપિયા) છે ને તેમાંથી ૩૦ કરોડની આસપાસ નફો છે. ડબલ્યુડબલ્યુઈના સ્ટોકનો ભાવ ૭૫ ડોલરથી વધારે છે અને ૯ અબજ ડોલર જેટલું માર્કેટ કેપ છે. ડબલ્યુડબલ્યુઈનું માલિક હવે એન્ડયોવોર ગ્રુપ છે કે જેણે ટેક્સ બચાવવા કંપનીની કામગીરીના અલગ અલગ ભાગ કરી દીધા છે. બાકી ડબલ્યુડબલ્યુઈની કુશ્તીના એક પ્રોગ્રામના રાઈટ્સ જ ૫૦૦ કરોડ ડોલરમાં વેચાયા છે. નેટફ્લિક્સે રો લાઈવ ઈવેન્ટ માટે ડબલ્યુડબલ્યુઈ સાથે ૧૦ વર્ષ માટે ૫૦૦ કરોડ ડોલરનો કોન્ટ્રાક્ટ કર્યો છે. ડબલ્યુડબલ્યુઈની બ્રાન્ડ વેલ્યુ ૭૦૦ કરોડ ડોલર છે તેના પરથી જ ડબલ્યુડબલ્યુઈનો પથારો કેટલો મોટો હશે તેનો અંદાજ આવી જાય.

વિન્સે પોતાની સામેના આક્ષેપોને જૂઠાણાં ગણાવ્યા છે પણ ડબલ્યુડબલ્યુઈની મુખ્ય કંપની ટીકેઓ ગ્રુપ હોલ્ડિંગ્સે આરોપોને ગંભીર ગણાવ્યા છે. ટીકેઓ પાસે ૨૦૨૩માં ડબલ્યુડબલ્યુઈનો કંટ્રોલ આવ્યો જ્યારે જેનલ ૨૦૨૨માં કંપની છોડી ગયેલી તેથી પોતાને આ વાત સાથે કંઈ લેવાદેવા નથી એવી સ્પષ્ટતા કંપનીએ કરી છે.

### ભારતનો વિરોધ કરવા રાષ્ટ્રપતિને ભારે પડી શકે છે

# શું મોહમ્મદ મુઈઝુ ખુરશી ગુમાવશે? માલદીવમાં વિપક્ષ કેટલો મજબૂત છે



અનંત
સંદીપ હીરપરા

**માલદીવના** રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની તૈયારી ચાલી રહી છે. મુઈઝુ નવેમ્બરમાં જ રાષ્ટ્રપતિ બન્યા હતા. અને આ જ સમયમાં વિપક્ષ તેમને પદ પરથી હટાવવાની તૈયારી કરી રહ્યો છે.મુઈઝુ વિરુદ્ધ મહાભિયોગની તૈયારી એવા સમયે થઈ રહી છે જ્યારે ભારત અને માલદીવ વચ્ચે છેલ્લા મહિનામાં તણાવ વધી ગયો છે. માલદીવની મુખ્ય વિપક્ષી પાર્ટી માલદીવ્સ ડેમોક્રેટિક પાર્ટી (MDP) સંસદમાં મહાભિયોગ લાવવા જઈ રહી છે. તેને ડેમોક્રેટ્સ પાર્ટીનું પણ સમર્થન મળી રહ્યું છે. આ બંને એ જ પક્ષો છે જે તાજેતરમાં ભારતના સમર્થનમાં ખુલ્લેઆમ સામે આવ્યા હતા. આ બંને પક્ષોએ કહ્યું હતું કે 'વર્તમાન સરકારનું ભારત વિરોધી વલણ ચિંતાજનક છે કોઈપણ મોટા ભાગીદારને, ખાસ કરીને અમારા લાંબા સમયના સાથીથી અલગ પાડવું અમારા હિતમાં નથી.

જ્યારથી મુઈઝુની સરકાર સત્તામાં આવી છે ત્યારથી ભારત અને માલદીવ વચ્ચે તણાવ વધ્યો છે. મુઈજ્જુએ ઈન્ડિયા આઉટ કેમ્પેઈન પર ચૂંટણી લડી હતી. મુઈઝુને ચીનનો સમર્થક માનવામાં આવે છે. જોકે, તે આ વાતને નકારે છે. આ પછી, મુઈઝુ સરકારે તમામ ભારતીય સૈનિકોને 15 માર્ચ સુધીમાં પાછા ફરવા માટે પણ કહ્યું છે. આટલું જ નહીં મુઈઝુ સરકારે અગાઉની સરકારો દરમિયાન ભારત સાથે થયેલા ઘણા કરારો પણ રદ કર્યા છે. આ સિવાય બીજું કારણ મુઈઝુ કેબિનેટમાં નવા સભ્યોને લાવવાનું છે. મુઈઝુની પીપલ્સ નેશનલ કોંગ્રેસ (PNC) અને પ્રોગ્રેસિવ પાર્ટી ઓફ માલદીવ્સ (PPM) વચ્ચે સંસદમા ગઠબંધન સરકાર છે. આ ગઠબંધન કેબિનેટમાં નવા સભ્યો લાવવા માંગે છે, પરંતુ વિપક્ષ આ ઈચ્છતા નથી. તાજેતરમાં કેબિનેટમાં ચાર સભ્યોની મંજૂરીને લઈને ઉગ્ર વિરોધ થયો હતો. જ્યારે મતદાન થયું ત્યારે એક સભ્યની મંજૂરી મળી હતી, પરંતુ ત્રણને બ્લોક કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં મુઈઝુ કેબિનેટના 22માંથી 19 સભ્યોને મંજૂરી મળી ગઈ છે.

પીપલ્સ મજલિસ એટલે કે માલદીવની સંસદમાં 80 સીટો છે. સંસદમાં રાષ્ટ્રપતિ મુઈઝુ વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ લાવવા માટે 54 સાંસદોનું સમર્થન જરૂરી છે. માલદીવ ડેમોક્રેટિક પાર્ટી પાસે 43 અને ડેમોક્રેટ્સ પાસે 13 સાંસદ છે. આ રીતે બંને પક્ષોના કુલ 56 સાંસદો છે. અને માલદીવના બંધારણ મુજબ પ્રસ્તાવ લાવવા માટે ઓછામાં ઓછા એક તૃતીયાંશ સાંસદોની સહી જરૂરી છે. જ્યારે, તેને પસાર કરવા માટે, બે તૃતીયાંશ સભ્યોનું સમર્થન જરૂરી છે. વર્તમાન આંકડાઓ પર નજર કરીએ તો માલદીવમાં વિપક્ષ મજબૂત છે. વિપક્ષ પાસે 56 સાંસદો છે.



## Gadgets ગુરૂ

### Realme 12 Pro 5G સ્માર્ટફોન સિરીઝ લોન્ચ

ચીની ટેક કંપની Realme એ 29 જાન્યુઆરીએ ભારતમાં મિડ-રેન્જ સેગમેન્ટમાં 'Realme 12 Pro 5G સ્માર્ટફોન સિરીઝ લોન્ચ કરી છે. પુણેમાં આયોજિત લૉન્ચિંગ ઈવેન્ટમાં, કંપનીએ આ સ્માર્ટફોન સિરીઝમાં બે મોડલ, Realme 12 Pro 5G અને Realme 12 Pro + 5G રજૂ કર્યા છે. બંને ઉપકરણો સબમરીનર બ્લુ અને નેવિગેટર બેજ રંગોમાં ઉપલબ્ધ છે.

- 120 Hz રિફ્રેશ રેટ
- 800 nits પીક બ્રાઈટનેસ સપોર્ટ
- 6.7 ઈંચની ફુલ-એચડી પ્લસ OLED ડિસ્પ્લે
- સ્નેપડ્રેગન 7 જનરેશન 2 પ્રોસેસર
- 50 મેગાપિક્સલનો
- સોની IMX 890 કેમેરા
- 64 મેગાપિક્સલ ઓમ્નીવિઝન

# ટ્રમ્પ ચોથી વખત નોબેલ પુરસ્કાર માટે નોમિનેટ થયા, શું તેમને મળશે ખરો?

## અમેરિકન સાંસદે કહ્યું- તેમણે મધ્ય-પૂર્વમાં શાંતિ લાવી, માટે એવોર્ડના હકદાર છે | ઈઝરાયલ અને આરબ દેશો વચ્ચે સમાધાન કરાવ્યું, જે લગભગ અશક્ય કામ હતું



વોશિંગ્ટનઃ અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવ્યા છે. તેમને રિપબ્લિકન પાર્ટીના સાંસદ ક્લાઉડિયા ટેની દ્વારા મિડલ ઈસ્ટમાં શાંતિ માટે બનાવવામાં આવેલી પોલિસી અબ્રાહમ એકોર્ડ માટે નામાંકિત કરવામાં આવ્યા હતા. આ સાથે, આ ચોથી વખત છે કે ટ્રમ્પનું નામ આ સન્માન માટે મોકલવામાં આવ્યું છે. ટેનીએ મંગળવારે પોતાની ઓફિશિયલ વેબસાઈટ પર કહ્યું- ટ્રમ્પનો આભાર, 30 વર્ષ બાદ મધ્ય પૂર્વમાં શાંતિ સ્થાપિત કરવા માટે સમજૂતી લાવવામાં આવી. દાયકાઓથી, વિદેશી બાબતોના નિષ્ણાતો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને અધિકારીઓ કહેતા આવ્યા છે કે ઈઝરાયલ-પેલેસ્ટાઈન મુદ્દાના ઉકેલ વિના શાંતિ થઈ શકે નહીં. પરંતુ ટ્રમ્પે તે કરી બતાવ્યું. બાઈડન અમેરિકા માટે નબળા નેતા છે. તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની સુરક્ષાને જોખમમાં મુકી રહ્યા છે. આવી સ્થિતિમાં આપણે ટ્રમ્પના મજબૂત નેતૃત્વ અને વૈશ્વિક શાંતિ માટેના તેમના પ્રયાસોને સમજવાની જરૂર છે. ટ્રમ્પને નોબેલ પુરસ્કાર માટે નોમિનેટ કરવું એ મારા માટે વિશેષાધિકાર છે. હું તેમને જલ્દી આ સન્માન મેળવતા જોવા માંગુ છું.

# જો બાઈડેનની સામે ડોનાલ્ડ ટ્રમ્પ ઉતરશે

## ન્યૂ હેમ્પશાયરમાં વિજય બાદ ટ્રમ્પનો રસ્તો સરળ

■ વોશિંગ્ટન

અમેરિકન રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રિપબ્લિકન ઉમેદવારોની રેસમાં સામેલ પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે રસ્તો હવે વધુ સરળ બની ગયો છે. રિપબ્લિકન પાર્ટી તરફથી રેસમાં સામેલ કેટલાક લોકો બહાર થઈ ગયા બાદ ટ્રમ્પની સામે હવે સાઉથ કેરોલિનાના પૂર્વ ગવર્નર નિક્કી હેલી સિવાય કોઈ વિરોધી રહ્યાં નથી. ભારતીય મૂળના ઉદ્યોગપતિ વિવેક રામાસ્વામી અને ફ્લોરિડાના ગવર્નર રોન ડીસેન્ટિસે રાષ્ટ્રપતિ પદની રેસમાંથી બહાર નીકળતા ડોનાલ્ડ ટ્રમ્પને સમર્થન આપવાની જાહેરાત કરી છે. આનો ફાયદો ટ્રમ્પને પણ થયો છે. ન્યૂ હેમ્પશાયર પ્રાથમિક પછી, તે નિશ્ચિત છે કે 2024ની રાષ્ટ્રપતિની ચૂંટણી ટ્રમ્પ વિરુદ્ધ બાઈડેન હશે. યુક્રેન યુદ્ધ, ઈઝરાયેલ-હમાસ યુદ્ધ, લાલ સાગર સંકટ અને જોર્ડનમાં તાજેતરમાં અમેરિકન સૈનિકોનાં મોત બાદ વર્તમાન રાષ્ટ્રપતિ જો બાઈડેન પર વિપક્ષ તરફથી દબાણ સતત વધી રહ્યું છે. જોકે બાઈડેને તૈયારી વધુ તીવ્ર કરી દીધી છે.

રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ટ્રમ્પ અને બાઈડેન વચ્ચે સીધી હરીફાઈ વચ્ચે નવા સરવેનાં પરિણામ સામે આવ્યાં છે. જેમાં કહેવામાં આવ્યું છે કે કે ટ્રમ્પ બાઈડેન કરતાં 6 પોઈન્ટ આગળ છે. અમેરિકામાં કરવામાં આવેલા સરવેમાં 40% લોકોએ ટ્રમ્પને પસંદ કર્યા છે જ્યારે 34% લોકોએ બાઈડેનને પસંદ કર્યા છે. એટલે બંને ધુરંધરો વચ્ચે ફરી ટક્કર થવાની સંભાવના વધી ગઈ છે.

# પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મોટી આશંકા

## ઘૂસણખોરીના કારણે ગમે ત્યારે મોટો આતંકી હુમલો

■ વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા પૂરજોશમાં ચૂંટણી પ્રચાર કરી રહેલા પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એવી આશંકા વ્યક્ત કરી છે કે, અમેરિકામાં મોટો આતંકવાદી હુમલો થઈ શકે છે.તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ મુકીને કહ્યુ હતુ કે, ત્રણ વર્ષ પહેલા અમેરિકાની સીમાઓ સુરક્ષિત હતી પણ હવે અમેરિકામાં ક્યારે તબાહી મચશે તેની રાહ જોવાઈ રહી છે. બોર્ડર હવે એટલી સુરક્ષિત નથી રહી. મોટા આતંકી હુમલાની શક્યતાઓથી ઈનકાર થઈ શકે તેમ નથી. તેમણે કહ્યુ હતુ કે, અમેરિકા અને મેક્સિકો વચ્ચે થનારી બોર્ડર ડીલ અમેરિકા માટે બરબાદીનુ કારણ બનશે. અમેરિકાના દક્ષિણ સીમાડા દુનિયામાં સૌથી અસુરક્ષિત બોર્ડર છે અને તેના કારણે અમેરિકામાં મોટો આતંકી હુમલો થઈ શકે છે.

ટ્રમ્પે આગળ કહ્યુ હતુ કે, દેશની બોર્ડર અત્યારે શરીર પર પાટા પિંડી વગરના ખુલ્લા ઘા જેવી છે. કોઈ પણ જાતની તપાસ વગર લોકો આપણા દેશમાં ઘૂસી રહ્યા છે અને તેમાં આંતકીઓ પણ હોઈ શકે છે. અમેરિકામાં કે અમેરિકાની બોર્ડર પાસે મોટો હુમલો થવાની આશંકા છે. ઉલ્લેખનીય છે કે, બોર્ડર ડીલને સમર્થન નહીં આપવા માટે ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની રિપબ્લિકન પાર્ટીના સાંસદોને પણ અપીલ કરી છે.ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના ચૂંટણી પ્રચારમાં ઘૂસણખોરોના મુદ્દાને જોર શોરથી ઉઠાવી રહ્યા છે. ઢીલી નીતિના કારણે બોર્ડરો પરથી રોજ હજારો ઘૂસણખોરો અમેરિકામાં ઘૂસી રહ્યા છે.

NEWS FILE

## રાષ્ટ્રપતિની ચૂંટણી માં કરોડોનો ખર્ચ, છતાં વિવેક રામાસ્વામી પહેલાંથી વધુ અમીર બન્યા



વોશિંગ્ટનઃ રાષ્ટ્રપતિની ચૂંટણીના અસફળ અભિયાન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં ભારતીય મૂળના વિવેક રામાસ્વામી પહેલાં કરતાં ઘણા વધુ અમીર છે. ફેડરલ ઈલેક્શન કમિશનમાં દાખલ કરાયેલી માહિતી મુજબ ચૂંટણી અભિયાન શરૂ કરતાં પહેલાં રામાસ્વામીની સંપત્તિ લગભગ 6.9 હજાર કરોડ રૂપિયા હતી. હવે તે વધીને લગભગ 7.9 હજાર કરોડ થઈ ગઈ છે. દવા બનાવતી કંપની રોઈવાન્ટ, જેને રામાસ્વામીએ 2014માં સ્થાપિત કરી હતી. ગયા અઠવાડિયે કંપનીનો શેર લગભગ 900 રૂપિયાના ભાવે ટ્રેડ થતો હતો. શેરની કિંમત ફેબ્રુઆરી, 2023ની સરખામણીએ 25% વધુ છે. રામાસ્વામી કંપનીમાં 6.4% ઈક્વિટી ભાગીદારી ધરાવે છે, જેની કિંમત લગભગ 4.6 હજાર કરોડ રૂપિયા છે. 2022માં રામાસ્વામીએ સ્ટ્રાઈવ એસેટ મેનેજમેન્ટ નામની ઈન્વેસ્ટમેન્ટ કંપની પણ બનાવી હતી. ચૂંટણી અભિયાન શરૂ પહેલાં તેમણે કંપનીના કાર્યકારી અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપ્યું હતું. પરંતુ તે હજુ પણ કંપનીના નિયંત્રક શેરહોલ્ડર છે, તેની ભાગીદારીનું મૂલ્ય 2022માં આશરે 1.3 હજાર કરોડ રૂપિયા હતું. રામાસ્વામીના અભિયાન દરમિયાન સંચાલન હેઠળ સ્ટ્રાઈવની સંપત્તિ બમણી થઈ છે. રિપબ્લિકન ડિબેટના માત્ર બે અઠવાડિયા પછી સ્ટ્રાઈવે રોકાણકારોની 8.3 હજાર કરોડ રૂપિયાની સંપત્તિ હાંસલ કરી.

## અમેરિકાની ઈરાક-સિરિયામાં મોડી રાતે એરસ્ટ્રાઈક



અમેરિકાએ શનિવારે સવારે ઈરાક અને સીરિયામાં 85 ટાર્ગેટ પર હુમલો કર્યો. 5 દિવસ પહેલા જોર્ડન-સીરિયા બોર્ડર પર અમેરિકાના સૈન્ય મથક પર ડ્રોન હુમલામાં ત્રણ સૈનિકોના મોતના જવાબમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું - અમેરિકન સૈન્ય દળોએ ઈરાક અને સીરિયામાં એવા અડ્ડાઓને નિશાન બનાવ્યા જેનો ઉપયોગ IRGC અને તેમના સમર્થિત મિલિશિયા અમેરિકન દળો પર હુમલો કરવા માટે કરે છે. અમે આજે જવાબ આપવાનું શરૂ કર્યું છે. આ ચાલુ રહેશે. અમેરિકા મિડલ ઈસ્ટ કે દુનિયામાં ક્યાંય પણ સંઘર્ષ નથી ઈચ્છતું.


# મંગળ પર પાણી હતું, NASAના રોવર દ્વારા પુષ્ટિ કરવામાં આવી

## ■ રોવર લેન્ડ થયું ત્યાં વિશાળ તળાવ હોવાની શક્યતા

■ ન્યૂયોર્ક

મંગળ પર પાણી હોવાની પુષ્ટિ થઈ છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાના પર્સિવરેન્સ રોવરના ડેટા દ્વારા આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે. પર્સિવરેન્સ રોવર મંગળની સૌથી ખતરનાક સપાટી જાજીરો ક્રેટર પર ઉતર્યું. જેમાં અહીંથી ખડકોના નમૂના લેવામાં આવ્યા હતા. તેમજ જમીનની નીચે પાણી શોધવાના પ્રયોગો કરવામાં આવ્યા હતા. હવે વૈજ્ઞાનિકોને તેના ડેટા પરથી જાણવા મળ્યું છે કે મંગળની સપાટીથી 65 ફૂટ નીચે માટીના કણોમાં ભેજ છે. તેમનું કહેવું છે કે જઝીરો ક્રેટર મંગળની સપાટી છે, જ્યાં પહેલા એક વિશાળ તળાવ હતું. વૈજ્ઞાનિકોને આશા છે કે જો મંગળ પર ક્યારેય જીવન હતું તો તેના ચિહ્નો અહીં અવશેષોના રૂપમાં જોવા મળશે. વૈજ્ઞાનિકોનું માનવું હતું કે જજીરો ક્રેટર પર પાણી હતું, પર્સીવરેન્સ માર્સ રોવર 18-19 ફેબ્રુઆરી 2021ની રાતે મંગળ પર પાણીની પુષ્ટિ અને જીવનની શોધ માટે લેન્ડ થયું હતું.

## પર્સિવરેન્સ રોવરે સૌથી સચોટ લેન્ડિંગ કર્યું



નાસાએ દાવો કર્યો હતો કે પર્સિવરેન્સનું લેન્ડિંગ એ ઈતિહાસમાં મંગળ પર રોવરનું સૌથી ચોક્કસ લેન્ડિંગ હતું. આ 6 પૈડાવાળું રોવર સાત મહિનામાં 47 કરોડ કિલોમીટરની સફર પૂર્ણ કરીને ઝડપથી તેના લક્ષ્યની નજીક પહોંચી ગયું હતું. છેલ્લી સાત મિનિટ અત્યંત મુશ્કેલ અને જોખમી હતી. આ સમયે તે માત્ર 7 મિનિટમાં 12 હજાર માઈલ પ્રતિ કલાકથી 0ની ઝડપે આવી ગયું હતું. આ પછી લેન્ડિંગ થયું. તેના ટેસ્ટિંગનાં થોડા દિવસો પછી પર્સિવરેન્સ રોવરે મંગળનું પ્રથમ ઓડિયો રેકોર્ડિંગ બહાર પાડ્યું. આ 10 સેકન્ડની ઓડિયો ક્લિપમાં બહુ ઓછો અવાજ હતો. નાસાના જણાવ્યા અનુસાર તેમના પર્સિવરેન્સ રોવરના ઉતરાણ પછી ત્યાં હાજર ધૂળ અને માટી પરના દબાણને કારણે તે અવાજ આવ્યો હશે. લગભગ એક મહિના પછી, માર્ચમાં, આ રોવરે લગભગ 21.3 ફૂટ સુધી ટેસ્ટ ડ્રાઈવ કર્યું. જેના કારણે મંગળ ગ્રહની ધરતી પર તેના પૈડાના નિશાન બન્યા હતા.



# હવે વિચારથી ચાલશે કોમ્પ્યુટર-મોબાઈલ!

## Elon Muskની કંપનીએ માનવ મસ્તિષ્કમાં લગાવી બ્રેઈન ચીપ

■ કેલિફોર્નિયા

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (X)ના માલિક એલન મસ્કની બ્રેઈન ચીપ કંપની ન્યુરાલિંક માનવ મસ્તિષ્કમાં ચિપ લગાવવામાં સફળ થઇ છે. ઈલોન મસ્કે પોતે આ હ્યુમન ટ્રાયલ સફળ થવાની જાહેરાત કરી હતી. મસ્કે કહ્યું, “ઈમ્પ્લાન્ટેશન સફળ રહ્યું છે અને જેમના મસ્તિષ્કમાં ચિપ લગાવવામાં આવી હતી તેઓ સ્વસ્થ થઈ રહ્યા છે. હવે કંપની પરિણામની રાહ જોઈ રહી છે.” એલન મસ્કે એક્સ (X) પર પોસ્ટમાં લખ્યું, “મે 2023 ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) પાસેથી મંજૂરી મેળવ્યા પછી, ન્યુરાલિંકે માનવ મસ્તિષ્કમાં માઈક્રો ચીપ ઈમ્પ્લાન્ટ કર્યું. જો કે તેના પરિણામો આવવામાં લગભગ 6 વર્ષનો સમય લાગશે. આ દરમિયાન જે વ્યક્તિના મસ્તિષ્કમાં ચિપ લગાવવામાં આવી છે તે કંપનીના તબીબી નિષ્ણાતની દેખરેખ હેઠળ રહેશે. તેનો તમામ ખર્ચ કંપની ઉઠાવશે.” આ સર્જરી રોબોટની મદદથી કરવામાં આવી હતી. ચીપને એક યુઝર એપથી નિયંત્રિત કરવામાં આવશે.

### સિક્કાના કદ જેટલું છે ઉપકરણ; જે આખી દુનિયા બદલી નાંખશે

એલન મસ્કે વધુમાં જણાવ્યું કે, “ન્યુરાલિંકે સિક્કાના કદ જેટલું ઉપકરણ બનાવ્યું છે, જે કોમ્પ્યુટર, મોબાઈલ અથવા મસ્તિષ્કની ગતિવિધિઓને નિયંત્રિત કરી શકે છે. માનવ મસ્તિષ્કમાં ઈમ્પ્લાન્ટ કરાયેલા આ ઉપકરણથી, લકવાગ્રસ્ત વ્યક્તિ પણ કોમ્પ્યુટર અને ફોનનો ઉપયોગ કરી શકશે. આ ઉપકરણ એક પ્રકારનો થ્રેડ છે, જે એટલો ઝીણો છે કે તેને હાથથી પકડી શકાતો નથી, તેથી તેને માનવ મસ્તિષ્કમાં ઈમ્પ્લાન્ટ કરવા માટે, રોબોટની મદદ લેવામાં આવી હતી.”

### બોલીવુડ અભિનેત્રી કંગના રનૌતનું રિએક્શન, જૂનો ઈતિહાસ પાછો આવશે

કંગના રનૌતે એલન મસ્કનું ટ્વીટને જોઈને પોતાના X એકાઉન્ટ પર શેર કર્યું. આ સાથે જ લખ્યું કે, સતયુગને મુખ્યત્વે આ ટેક્નોલોજી એટલે કે બોલ્યા વિના કમ્યુનિકેટ કરવાની ક્ષમતાને કારણે જ યાદ કરવામાં આવે છે. જો આપણે તેને પોતાના જીવનકાળમાં જોઈએ તો દેવતાઓ, ઋષિઓ અને કેટલાક અન્ય પ્રાણીઓ આપણા ગ્રંથોમાં જે ટેકનિકનો ઉપયોગ કરે છે તેની કલ્પના કરવી અશક્ય નથી. આ એટલા માટે છે કારણ કે મોટાભાગના કહેવાતા નાસ્તિકો માટે સૌથી મોટો પડકાર એ સમજવું છે કે, જે તેમણે નથી જોયું અથવા નથી સાંભળ્યુ તેને તેઓ સમજી શકે. કારણ કે, તેઓ આપણા ધર્મગ્રંથમાં લખેલી તમામ બાબતોને જૂઠી સમજે છે.

### ચીપથી માનવ મસ્તિષ્ક કોમ્પ્યુટર અને મોબાઈલને ઓપરેટ કરશે

મસ્કે કહ્યું, “જો પરિણામ અપેક્ષા મુજબ રહેશે તો આ ચીપ દ્વારા માનવ મસ્તિષ્ક કોમ્પ્યુટર અને મોબાઈલને ઓપરેટ કરશે. અંધ લોકો જોઈ શકશે. માનવ મસ્તિષ્ક તે તમામ કામ કરી શકશે, જે હાથ અને પગ દ્વારા કરવામાં આવે છે. મસ્તિષ્ક સમગ્ર શરીરને નિયંત્રિત કરી શકશે. મસ્કે વધુમાં જણાવ્યું કે, “માનવ મસ્તિષ્કમાં સર્જિકલ રીતે ચિપ લગાવવામાં આવી હતી. ચીપ તે જગ્યાએ ઈમ્પ્લાન્ટ કરવામાં આવી છે જ્યાંથી મસ્તિષ્ક હલન-ચલનને નિયંત્રિત કરે છે. આ સર્જરી રોબોટની મદદથી કરવામાં આવી હતી. ચીપને એક યુઝર એપથી નિયંત્રિત કરવામાં આવશે.

## NEWS FILE

### એમક્યૂ૭ બી પ્રિડેટર ડ્રોન ભારતને મળશે, અમેરિકન કોંગ્રેસે વેચવા માટે લીલી ઝંડી



વોશિંગ્ટનઃ અમેરિકન કોંગ્રેસ દ્વારા ભારતને અત્યાધુનિક એમક્યૂ૭ બી પ્રિડેટર ડ્રોન વેચવા માટે લીલી ઝંડી આપી દેવામાં આવી છે. ભારતના અંગ્રેજી અખબારના અહેવાલ પ્રમાણે અમેરિકન વિદેશ મંત્રાલયે આ ડ્રોન બનાવતી કંપની જનરલ એટામિકને આ બાબતની સૂચના પણ આપી દીધી છે. આગામી 24 કલાકની અંદર 3 અબજ ડોલરના ડ્રોન સોદા અંગે નોટિફિકેશન પણ જાહેર કરવામાં આવશે. જે ભારત સરકારને પણ મોકલી દેવામાં આવશે. ભારત સરકારે આ સોદા પર અત્યાર સુધી મૌન ધારણ કરેલુ છે પણ અમેરિકન સૂત્રોનુ કહેવુ છે કે, કોઈ પણ સમયે 31 ડ્રોન માટેનુ જાહેરનામુ બાઈડેન સરકાર દ્વારા પ્રસિધ્ધ કરી દેવામાં આવશે. આ પહેલા એવા અહેવાલો સામે આવ્યા હતા કે, અમેરિકામાં આશ્રય લઈ રહેલા ખાલિસ્તાની આતંકી ગુરુપતવંતસિંહ પન્નૂની હત્યાના કાવતરામાં ભારતનો હાથ હોવાના કારણે અમેરિકન સંસદે આ ડીલ રોકી દીધી છે અને તેના કારણે બંને દેશોના સબંધોમાં તંગદિલી પણ જોવા મળી રહી હતી. ભારત અને અમેરિકાની દોસ્તી પર ઘણાએ સવાલો ઉઠાવવાના શરુ કરી દીધા હતા. જોકે હવે આ ડ્રોન ભારતને વેચવા માટેનો રસ્તો સાફ થઈ ગયો છે. એમક્યૂ૭ બી પ્રિડેટર ડ્રોન વધારે ઉંચાઈ પર લાંબા સમય સુધી ઉડાન ભરવાની ક્ષમતા ધરાવે છે. આ 31 પૈકી 15 ડ્રોન ભારતીય નેવી તેમજ 8-8 ડ્રોન આર્મી તથા એરફોર્સને મળશે.

### મહિનામાં બીજુ અમેરિકન એફ-16 વિમાન ક્રેશ થયા



ન્યૂયોર્કઃ દુનિયામાં સૌથી વધારે વેચાયેલા લડાકુ વિમાનોમાં અમેરિકાના તેજ તર્રાર એફ-16નો પણ સમાવેશ થાય છે. જોકે આજકાલ આ વિમાનો માટે સારો સમય નથી ચાલી રહ્યો. લેટેસ્ટ મામલામાં દક્ષિણ કોરિયાના દરિયા કિનારા પાસે બુધવારે અમેરિકન એફ-16 વિમાન તુટી પડયુ હતુ. એફ-16 ક્રેશ થવાની બે મહિનામાં આ બીજી ઘટના બની છે. જેણે હવે આ વિમાનોની ગુણવત્તા પર સવાલો ઉભા કર્યા છે.મળતી વિગતો પ્રમાણે આઠમી ફાઈટર વિંગના એફ-16 વિમાને ઉડાન ભરી હતી અને પાયલોટે વિમાનમાં ખરાબી સર્જાઈ હોવાનો અનુભવ કર્યો હતો. એ પછી પાયલોટ પોતે વિમાનની બહાર નીકળી ગયો હતો

# માર્ક ઝુકરબર્ગનો અમેરિકન સંસદમાં ઉધડો લેવાયો, બાળકોને નુકસાન થતું હોવાના કેસમાં માફી માગવી પડી

## સોશિયલ મીડિયામાં બાળકોને થાય છે નુકસાન

■ વોશિંગ્ટન



અમેરિકાની સંસદ કેપિટલ હિલમાં સોશિયલ મીડિયા કંપનીઓના માલિકોની સુનાવણી ચાલી રહી છે. સોશિયલ મીડિયાના કારણે બાળકોને નુકસાન થઈ રહ્યુ હોવાના આરોપસર આ સુનાવણી થઈ રહી છે અને અમેરિકન સાંસદો આ દિગ્ગજ કંપનીઓના માલિકોની આકરી ઝાટકણી પણ કાઢી રહ્યા છે. આવી જ એક સુનાવણી દરમિયાન ફેસબૂસ અને ઈન્સ્ટાગ્રામ જેવી સોશિયલ મીડિયા સાઈટસ ચલાવતી કંપની મેટાના સ્થાપક અને સીઈઓ માર્ક ઝુકરબર્ગને સંસદમાં માફી માંગવાની ફરજ પડી હતી. ઝુકરબર્ગને સાંસદોના અણીયાળા સવાલોના જવાબ આપવામાં ફાંફા પડી ગયા હતા. એ પછી તેમણે પીડિત પરિવારોની માફી માંગી હતી. આ પરિવારોનો આરોપ હતો કે, બાળકોને નુકસાન પહોંચાડનાર કન્ટેન્ટને રોકવા માટે મેટા દ્વારા કોઈ કાર્યવાહી થઈ નહોતી.

ઝુકરબર્ગે જવાબ આપતા કહ્યુ હતુ કે, મને નથી લાગતુ કે વળતર આપવુ જોઈએ.. ત્યારે જોશ હોલે ફરી તેમને ટકોર કરી હતી કે ખરેખર તમને નથી લાગતુ કે આ પરિવારોને વળતર આપવુ જોઈએ? ઝુકરબર્ગે આ સવાલનો જવાબ આપવાન ટાળીને કહ્યુ હતુ કે, અમારુ કામ એ પ્રકારના ટૂલ્સ બનાવવાનુ છે કે જેનાથી લોકો સુરક્ષિત રહે. અમે અમારુ કામ ગંભીરતાથી કરી રહ્યા છે. અમે જે ટૂલ્સ વિકસાવ્યા છે તે સોશિયલ મીડિયા સાઈટસ પરથી આપત્તિ જનક સામગ્રી શોધે અને તેને ત્યાંથી હટાવે.

**ઝુકરબર્ગની સિટ્ટી-પિટ્ટી ગુલ થઇ ગઈઃ** ઝુકરબર્ગને કહેવામાં આવ્યુ હતુ કે, ઈન્સ્ટાગ્રામ પર 13થી 15 વર્ષની વયની 37% યુવતીઓને એક સપ્તાહમાં આપત્તિજનક કન્ટેન્ટનો સામનો કરવો પડ્યો છે. નોકરી પરથી કાઢી મુકયા છે ? તો તમને લાગતુ નથી કે આ મુદ્દા પર તમારી કંપનીએ શું કાર્યવાહી કરી કે કોને નોકરી પરથી છૂટા કર્યા તેની જાણકારી તમે અહીંયા આપો? તમે પીડિતોને કોઈ વળતર પણ આપ્યુ છે ખરુ?

# અમેરિકાના H1B વિઝાની લોટરી સિસ્ટમમાં ધરમૂળથી પરિવર્તન

## હવે લોટરીમાં અરજદારનો પાસપોર્ટ નંબર કેન્દ્ર સ્થાને

■ વોશિંગ્ટન

હજારો ભારતીય આઈટી પ્રોફેસનલ્સ જેની ટાંપીને રાહ જુએ છે તે એચવન બી વીસાની વાર્ષિક લોટરી સિસ્ટમમાં યુએસ દ્વારા ધરમૂળથી પરિવર્તનો કરવામાં આવ્યા છે. આ પરિવર્તનોનો હેતુ છેતરપિંડી ઘટાડવાનો અને રજિસ્ટ્રેશન સિસ્ટમ સરળ બનાવવાનો છે. આ ઉપરાંત ૨૯ જાન્યુઆરીથી યુએસમાં એચવન બી વીસા ડોમેસ્ટિકલી રિન્યુ કરવાનો પાઈલટ પ્રોગ્રામ શરૂ કરી દેવામાં આવ્યો છે.

નવી સિસ્ટમમાં સમગ્ર પ્રક્રિયાને લાભાર્થી કેન્દ્રી બનાવી દેવામાં આવી છે. જેના કારણે ભૂતકાળમાં એક વ્યક્તિ અનેક અરજીઓ કરી શકતી હતી તે બંધ થઇ જશે. એચ વનબી વીસા અરજી વ્યક્તિગત ધોરણે જ સ્વીકારવામાં અને ગણવામાં આવશે. હવે જો એક જ વ્યક્તિ વિવિધ કંપની મારફતે અનેક અરજીઓ કરશે તો પણ તેને પાસપોર્ટ નંબરને આધારે એક જ અરજી ગણવામાં આવશે.

### યુએસમાં એચવન બી વિઝા ડોમેસ્ટિકલી રીન્યુ કરવાનો પાઇલટ પ્રોગ્રામ શરૂ




બીજી તરફ વિદેશ વિભાગ દ્વારાજાહેર કરવામાં આવ્યું છે કે એચવન બી ફોરિન વર્ક વીસા ને ડોમેસ્ટિકલી રિન્યુ કરવાના પાઈલટ પ્રોગ્રામ માટે ૨૯ જાન્યુઆરી ૨૦૨૪થી અરજીઓ સ્વીકારવામાં આવશે. આ પ્રોગ્રામ હેઠળ પહેલી એપ્રિલ ૨૦૨૪ સુધી અથવા અરજીના તમામ સ્લોટસ ભરાઇ ન જાય ત્યાં સુધી અરજીઓ સ્વીકારવામાં આવશે. બે દાયકામાં આ પહેલીવાર એચવન બી નોનઈમિગ્રન્ટ્સ તેમના વીસા યુએસમાં રહીને જ રીન્યુ કરાવી શકશે. આ પાઈલટ પ્રોગ્રામ સ્વૈચ્છિક છે અને દર અઠવાડિયે તેમાં ૪૦૦૦ અરજીઓ સ્વીકારવામાં આવશે. જેમાં ૨૦૦૦ એવી અરજીઓ સ્વીકારવામાં આવશે જેમાં એચવનબી વીસા કેનેડામાં ડિપ્લોમેટિક મિશન્સ દ્વારા જારી કરવામાં આવ્યા હોય. બીજી ૨૦૦૦ અરજીઓ એવી સ્વીકારવામાં આવશે જેમાં એચવન બી વીસા ભારતમાં રહેલી યુએસ એમ્બેસીઓ અને કોન્સ્યુલેટ્સ દ્વારા જારી કરવામાં આવ્યા હોય.

...ભાજપમાં જોડાવા સરકારી નોકરી છોડી

# GST વિભાગના રમેશ ચૌહાણે VRS લઈને કેસરી ખેસ પહેર્યો

## મોદી સરકારના વિચારો અને કાર્યશૈલીથી પ્રભાવિત, દલિત સમાજમાં ભામાશા તરીકે ધરાવે છે નામના

■ ગાંધીનગર

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલા ભાજપનું ઓપરેશન લોટસ સફળતા મેળવી રહ્યું છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં એક પછી એક નેતા કેસરીયો ખેસ ધારણ કરી રહ્યાં છે. ત્યારે તેમાં એક નામ એવું છે જેને જાણીને તમે ચોંકી જશો. જી,હા આ નામ છે રમેશ ચૌહાણનું. તેઓ કસ્ટમ્સ અને સીજીએસટી વિભાગમાં નોકરી કરતા હતા. પરંતુ તેમણે મોદી સરકારના વિચારો અને કામકાજની શૈલી જોઈને VRS લઈ લીધું અને ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરી લીધો.

**ગુજરાતી ભાષાના કવિ અને ગઝલકાર છે:** ગુજરાતી ભાષાનાં જાણીતા કવિ અને ગઝલકાર રમેશ ચૌહાણે મોદી સાહેબની કાર્યશૈલીથી અભિભૂત થઈ કેસરિયો ધારણ કરી ભાજપામાં જોડાયા. તેમણે તેમની આગવી છટામાં પક્ષમાં જોડાતા કહ્યું હતું કે 'ઘટમાં ઘૂંટાતું નામ બતાવું, છાતી ચીરી રામ બતાવું, માર્ગ મોક્ષનો શોધો છો ને ! ચલો અયોધ્યા ધામ બતાવું'. તેમણે અત્યાર સુધી અનુભૂતિ, અહેસાસ, પીળો પડછાયો અને શબ્દો થઈ કાગળ પર જીવીશું જેવી કૃતિની રચના પણ કરી છે.




### દલિત સમાજના ભામાશા તરીકે જાણીતા છે રમેશ ચૌહાણ

રમેશ ચૌહાણ અત્યાર સુધી 500થી વધારે યુવતીઓના સમૂહ લગ્નોત્સવ અને બીજી અનેક સામાજિક પ્રવૃતિઓમાં પોતાનું યોગદાન આપી ચૂક્યા છે. 2015માં આયોજિત સંત શિરોમણિ શ્રી રોહિદાસ સેવા સમાજ ઓયોજિત સમૂહ લગ્ન, 2018માં ચાલીસ ગામ ભાલ પરગણા રોહિત સમાજ આયોજિતના સમૂહ લગ્નોત્સવમાં ખુલ્લા દિલે દાન કર્યુ છે. સંત શિરોમણિ સંત રોહિદાસજીની મૂર્તિના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં તેમણે 30,000 ભક્તો માટે ભોજનની વ્યવસ્થા કરી હતી. આ સિવાય દર વર્ષે તેજસ્વી તારલાઓનું સન્માન અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય છેલ્લા 10 વર્ષથી કરી રહ્યા છે. તો દિવાળી જેવા તહેવારોમાં બાપુનગર, અરવિંદની ચાલી તથા અનેક વિસ્તારોમાં ગરીબ લોકોને અનાજ અને મિઠાઈનું વિતરણ કરે છે.

### સામાજિક ઉત્કર્ષ માટે અનેક એવોર્ડ પણ મળી ચૂક્યા છે

રમેશ ચૌહાણને સમાજસેવામાં તેમના યોગદાન બદલ અનેક એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યાછે. જેમાં ગુજરાત રોહિત ગૌરવ એવોર્ડ, સુગત સાહિત્ય એવોર્ડ, ગુજરાત ભાલ સાહિત્ય રત્ન એવોર્ડ અને સાહિત્ય કાવ્ય સંગીત સન્માન એવોર્ડ મળી ચૂક્યો છે. સરખેજમાં શિક્ષણ વિકાસ સેવા ટ્રસ્ટનું પાંચ માળનું ભવન બની રહ્યું છે. જેમાં તેમણે મોટો ફાળો આપ્યો છે. આ સિવાય R.R.ચૌહાણ ચેરિટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ અમદાવાદના વિવિધ વિસ્તાર જેવાં કે વાસણા, નરોડા, શિવરંજની, આંબાવાડી અને બોપલમાં સ્ટ્રીટ શાળા શરૂ કરાવી છે. જેમાં વિદ્યાર્થીઓને દત્તક લઈને તેમનો અને શિક્ષકોનો પગાર સહિતનો તમામ ખર્ચ ઉઠાવે છે.

## બજેટમાં ગરવી, ગુણવંતુ, ગ્રીન, ગ્લોબલ અને ગતિશીલ ગુજરાતની સંકલ્પના...

# '5-G ગુજરાત'

## 1 વર્ષમાં સરકાર 15% દેવું કરે એવો અંદાજ

## 3 લાખ 32 હજાર 465 કરોડનું બજેટ ગુજરાતનાઈતિહાસનુંસૌથીમોટુંબજેટ

**ગાંધીનગર: વિધાનસભામાં ગુજરાતનું વર્ષ 2024-25નું બજેટ રજૂ થયું હતું. નાણામંત્રી કનુભાઈ દેસાઈ લાલ પોથીની જગ્યાએ બ્લેક કલરની બ્રીફકેસ સાથે વિધાનસભા પહોંચ્યા હતા. કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું બજેટ છે, જેમાં 2047નો રોડમેપ નક્કી કર્યો છે. ગરવી, ગ્રીન અને ગુણવંત ગુજરાતનાં સપનાં સાથેનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. ગુજરાતનું આ વર્ષના બજેટનું કદ 3 લાખ 32 હજાર 465 કરોડનું છે. ગત વર્ષની સરખામણીમાં 31 હજાર 444 કરોડના વધારા સાથે બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આ વર્ષે બજેટમાં 11 ટકા વધારો કરાયો છે. ગુજરાતના દરેક નાગરિક માટે LIving Well and Earning wellના સૂત્ર સાથે Viksit Gujarat@2047ના વિઝનને સાકાર કરવાનો ઉદ્દેશ છે. ગુજરાત સરકાર યાત્રી નિવાસ બનાવશે તેવી જાહેરાત કરી હતી.**

### 2047 સુધી ગુજરાતની અર્થ વ્યવસ્થા 3.5 ટ્રિલિયન કરવાનું લક્ષ્ય

નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા, સુરેન્દ્રનગર-વઢવાણને મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવશે, કનુભાઈએ જણાવ્યું હતું કે અમારા માટે સરકાર માટે સુશાસન એટલે રામરાજ્ય, રાજ્યમાં નવી 2500 બસ શરૂ કરવામાં આવશે. 2047 સુધી ગુજરાતની અર્થ વ્યવસ્થા હાલની 0.28 ટ્રિલિયન યુએસ ડોલરથી 3.5 ટ્રિલિયન કરવાનું લક્ષ્ય છે. બજેટમાં સામાજિક સુરક્ષા, માનવસંસાધન વિકાસ, આંતરમાળખાકીય સુવિધા, આર્થિક પ્રવૃત્તિનો વિકાસ અને ગ્રીન ગ્રોથના પાંચ સ્તંભ છે. નમો સરસ્વતી યોજનામાં સાયન્સમાં અભ્યાસ કરતી ગરીબ-મધ્યમવર્ગની વિદ્યાર્થિનીઓને ધો.11માં 10 હજાર, ધો.12માં 15 હજાર સહાય આપવામાં આવશે.

### નમો લક્ષ્મી યોજનાની જાહેરાત, 1250 કરોડની જોગવાઈ

રાજ્ય સરકાર દ્વારા નમો લક્ષ્મી યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત સરકારી અનુદાનિત અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરનારી પાત્રતા ધરાવતી 10 લાખ વિદ્યાર્થિનીઓને ધોરણ-9, 10 માટે વાર્ષિક 10 હજાર તેમજ ધોરણ 11 અને 12 માટે વાર્ષિક 15 હજાર સહાય આપવામાં આવશે. આ યોજના હેઠળ ધોરણ 12 સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યાથી કુલ 50 હજારની સહાય આપવામાં આવશે. સરકારનું માનવું છે કે, આ યોજનાથી શાળાઓમાં કન્યાઓની સંખ્યામાં વધારો થશે. આ યોજનાની અમલીકરણથી શિક્ષણ ક્ષેત્રની જેમ માધ્યમિક શિક્ષણમાં પણ સાર્વત્રિક નામાંકન હાંસલ કરી શકાશે. આ યોજના માટે રાજ્ય સરકારે 1250 કરોજની જોગવાઈ કરી છે.

### 7 પાલિકાને મનપાનો દરજ્જો મળશે

રાજ્યમાં હાલમાં 8 મહાનગરપાલિકા અસ્તિત્વમાં છે. જોકે રાજ્યના નાણામંત્રી કનુભાઇ દેસાઈએ ગુજરાતનું નાણાકીય વર્ષ 2024-25નું બજેટ રજૂ કર્યું છે, જેમાં વધુ 7 નગરપાલિકાને મહાનગરપાલિકા બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. એમાં નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા અને સુરેન્દ્રનગર-વઢવાણનો સમાવેશ થાય છે.



### ગિફ્ટ સિટી માટે રાજ્ય સરકારની મોટી જોહેરાત

ગિફ્ટ સિટી ગ્લોબલ ફાઈનાન્સ હબ તરીકે ઊભરી રહ્યું છે. 900 એકરથી 3300 એકરમાં વિસ્તરણ કરી ગિફ્ટને પ્લાન્ડ ગ્રીન સિટી તરીકે વિકસાવવામાં આવશે, જેનાથી સમગ્ર વિશ્વમાં ગિફ્ટ સિટીના સપનાના શહેર તરીકે આગવી ઓળખ પ્રસ્થાપિત થશે. ગિફ્ટ સિટીમાં સૂચિત વિકાસકાર્યોને પરિપૂર્ણ કરીને વોક ટુ વર્ક, લિવ-વર્ક-પ્લે કોમ્યુનિટીની કલ્પના સાકાર થશે. આ વિકાસકાર્યોમાં 4.5 કિમી લાંબો રિવરફ્રન્ટ, રિક્રિએશનલ ઝોન, શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્યલક્ષી સવલતો, મેટ્રો કનેક્ટિવિટી અને સેન્ટ્રલ પાર્કની સુવિધાઓનો સમાવેશ થાય છે. ગિફ્ટ સિટીમાં ફિન-ટેક હબની સ્થાપના માટે 52 કરોડ અને ગિફ્ટ સિટી નજીક રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ માટે 100 કરોડની જાહેરાત કરી છે.

### ઈમરજન્સી સેવા માટે માત્ર એક જ 112 નંબર

પોલીસ, ફાયર બ્રિગેડ સહિત ની તમામ ઈમરજન્સી સેવાઓ માટે માત્ર એક જ 112 નંબર ડાયલ કરવાનો રહેશે, શહેરોમાં 10 મિનિટ અને ગામડામાં 30 મિનિટમાં જ પોલીસ પહોંચે તે માટેની જનરક્ષક યોજના જાહેરાત કરવામાં આવી છે. રાજ્યમાં 162 નવી માધ્યમિક શાળાઓ, 45 હજાર નવા ક્લાસરૂમ, 2 લાખ કોમ્પ્યુટર આપવામાં આવશે. 10 રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન શાળા શરૂ કરાશે.

### કયા વિભાગને કેટલા રૂપિયાની જોગવાઈ?

1. •શિક્ષણ વિભાગ માટે 55114 કરોડની જોગવાઈ
2. આરોગ્ય, પરિવાર અને કલ્યાણ વિભાગ માટે રૂ. 20100 કરોડ
3. મહિલા-બાળ કલ્યાણ વિભાગ માટે 6885 કરોડ
4. અન્ન-નાગરિક અને પુરવઠા માટે 2711 કરોડ
5. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે 12138 કરોડ
6. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ માટે 21996 કરોડ
7. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ માટે 8424 કરોડ
8. માર્ગ અને મકાન માટે 22163 કરોડ
9. બંદરો અને વાહનવ્યવહાર માટે 3858 કરોડ
10. જળ સંપત્તિ માટે 11535 કરોડ
11. પાણી પુરવઠા માટે 6242 કરોડ
12. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી માટે 2421 કરોડ
13. વન અને પર્યાવરણ માટે 2586 કરોડ
14. ક્લાઈમેટ ચેન્જ માટે 1163 કરોડ
15. ગૃહ વિભાગ માટે 10378 કરોડ
16. કાયદા વિભાગ માટે 2559 કરોડ
17. મહેસૂલ વિભાગ માટે 5195 કરોડ
18. સામાન્ય વહીવટ માટે 2239 કરોડ
19. માહિતી અને પ્રસારણ માટે 384 કરોડ
20. કૃષિ, ખેડૂત કલ્યાણ- સહકાર માટે 22194 કરોડ
21. ઉદ્યોગ અને ખાણ માટે 9228 કરોડ
22. પ્રવાસન, યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન માટે 2098 કરોડ

ગુજરાત બજેટમાં સુરતના હીરા ઉદ્યોગને સ્થાન મળશે

# લેબગ્રોન અને સિન્થેટિક ડાયમંડ માટે સેન્ટર ફોર એક્સેલેન્સ બનાવાશે

સુરત: ગુજરાત નાણામંત્રી દ્વારા રાજ્યનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. આ બજેટમાં સુરત ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝને પ્રોત્સાહન માટે મહત્વની જાહેરાત કરાઈ છે. સરકારે સેન્ટર ફોર એક્સેલેન્સ બનાવવા સાત કરોડની ફાળવણીની જાહેરાત કરી છે. સુરતમાં લેબગ્રોન અને સિન્થેટિક ડાયમંડ માટે આ એક્સલેન્ટ સેન્ટર બનાવવામાં આવશે, તેવી માહિતી સામે આવી રહી છે. હાલ વિશ્વમાં સુરત લેબગ્રોન, સિન્થેટિક ડાયમંડ માટે ખૂબ મોટું અને મહત્વનું સેન્ટર બની રહ્યું છે. ત્યારે રાજ્ય સરકારની આ જાહેરાતથી સુરતના હીરા ઉદ્યોગના ભાવિ માટે ખૂબ મહત્વનું સાબિત થઈ શકે તેમ છે.

## કામરેજમાં સેન્ટર ફોર એક્સેલેન્સ બનાવાશે

ગુજરાત રાજ્ય સરકારના નાણામંત્રી કોનું દેસાઈ દ્વારા 2 ફેબ્રુઆરીને શુક્રવારના રોજ વર્ષ 2024-25નું અંદાજપત્ર જાહેર કરવામાં આવ્યું છે. આ નાણા બજેટમાં પ્રથમ વખત ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ માટે ખાસ જાહેરાત કરવામાં આવી છે. સુરતના હીરા ઉદ્યોગને પ્રોત્સાહન મળે તે પ્રકારની જાહેરાત કરાઈ છે. અંદાજપત્ર રજૂ કરતી વખતે નાણામંત્રી કનુ દેસાઈએ ડાયમંડ ઉદ્યોગના વ્યાપ માટે કામરેજ વિસ્તારમાં સેન્ટર ફોર એક્સેલેન્સ બનાવવામાં આવશે, તેવી જાહેરાત કરી છે. જેની માટે સાત કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવશે.

## ઉભરતી ઈન્ડસ્ટ્રીઝને ખૂબ જ મોટો ફાયદો થશે

કોઈપણ ઉભરતી ઈન્ડસ્ટ્રીઝ માટે સરકાર દ્વારા જ્યારે સેન્ટર ફોર એક્સેલેન્સ જેવું સ્ટેપ લેવામાં આવતું હોય છે, ત્યારે તે ઈન્ડસ્ટ્રીઝને ખૂબ જ ફાયદાકારક બનતું હોય છે. કારણ કે, ઈન્ડસ્ટ્રીઝના એમ્પ્લોય માટે પણ ફાયદાકારક નીવડે છે. કોઈપણ વ્યક્તિને નવી ઈન્ડસ્ટ્રીઝમાં જવું હોય તો તેને તેની જાણકારી લેવી ખૂબ જ જરૂરી હોય છે. જેના માટે પણ આ ખૂબ જ ઉપયોગી થઈ શકે છે. ત્યારે સેન્ટર ફોર એક્સેલેન્સના માધ્યમથી આવી ઈન્ડસ્ટ્રીઝ માટેના એક્સપર્ટ તૈયાર કરવામાં આવે છે. જેને લઈ ઈન્ડસ્ટ્રીઝની કોલેટીમાં ફેરફાર થઈ શકે છે.

## લેબગ્રોન-સિન્થેટિક ડાયમંડનો વેપાર વધશે

મહત્વની વાત છે કે, આ એક્સલસન સેન્ટર સુરતના લેબરોન અને સિન્થેટિક ડાયમંડ માટે બનાવવામાં આવશે, તેવી માહિતી હાલ સામે આવી રહી છે. જોકે, તેની ચોક્કસ કોઈ પ્રકારના ક્લેરિફિકેશન થયું નથી, પરંતુ ડાયમંડ માટે એક્સિડન્ટ સેન્ટર બનાવવાની જાહેરાત કરી દેવાય છે. ત્યારે લેબગ્રોન અને સિન્થેટિક ડાયમંડ માટે જો આ એક્સિલન્સ સેન્ટર બનાવવામાં આવશે તો સુરતને ખૂબ મોટો લાભ થઈ શકે છે. કારણ કે, હાલ વિશ્વમાં સુરત લેબગ્રોન અને સિન્થેટિક ડાયમંડ માટે ખૂબ મોટું અને મહત્વનું સેન્ટર બની રહ્યું છે.

**સરકારની આ પહેલને હું આવકારું છું: દિનેશ નાવડીયા** સુરતના જાણિતા હીરા ઉદ્યોગપતિ અને GJEPCના પૂર્વ રિજિયોનલ ચેરમેન દિનેશ નાવડીયાએ બેલ્જિયમ ખાતેથી જણાવ્યું હતું કે, રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ આજે રજૂ કરેલા ગુજરાત સરકારના અંદાજપત્રમાં સુરતમાં વિકાસ પામેલા લેબગ્રોન અને સિન્થેટીક ડાયમંડના વિકાસ માટે સેન્ટર ફોર એક્સેલન્સની સ્થાપના કરવાની જાહેરાત કરી છે. આ જાહેરાતની સાથે તેમણે આગામી વર્ષ માટે કુલ રૂ.7 કરોડની રકમની જોગવાઈ કરી છે. ગુજરાત સરકારની આ પહેલને હું આવકારું છું અને તેના કારણે સુરત સહિત ગુજરાતમાં વિકાસ પામી રહેલા કુત્રિમ હીરા, લેબગ્રોન ડાયમંડ, સિન્થેટીક ડાયમંડના ઉત્પાદન અને નિકાસને જબરદસ્ત વેગ મળશે એ નિશ્ચિત છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે, સમગ્ર ભારતમાં સૌથી વધુ લેબગ્રોન ડાયમંડનું ઉત્પાદન સુરત શહેરમાં થઈ રહ્યું છે.

## બુલેટ પ્રોજેક્ટમાં ભૂકંપના એલર્ટ માટે સિસ્મોમીટર

■ વાપી

ભૂકંપ દરમિયાન મુસાફરોની સલામતી અનેમહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓ સુનિશ્ચિત કરવામાટે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે 28 સિસ્મોમીટર લગાવવામાં આવશે. 28 સિસ્મોમીટરમાંથી 22 સિસ્મોમીટરને એલાઇનમેન્ટ સાથે ઈન્સ્ટોલ કરવામાં આવશે.રેલવે સૂત્રોના જણાવ્યા મુજબ આ પ્રોજેક્ટ જાપાનસાથે સહયોગમાં ભારત સરકાર કરી રહી છે ત્યારે જાપાની શિકનસેન ટેકનોલોજી ઉપર આધારિત ભૂકંપ શોધ પ્રણાલી ધરતીકંપ પ્રેરિત આંચકાઓને શોધી કાઢશે અને ઓટોમેટીક પાવર શટડાઉનને સક્ષમ બનાવશે. જે 28 સિસ્મોમીટર લગાવશે . તેમાં8 મહારાષ્ટ્રના મુંબઈ, થાણે, વિરાર અને બોઈસરમાં હશે તથા 14 ગુજરાતના



વાપી, બીલીમોરા, સુરત,ભરૂચ,વડોદરા, આણંદ, મહેમદાવાદ અને અમદાવાદમાં ટ્રેકશન સબ સ્ટેશન અનેએલાઇનમેન્ટ સાથે સ્વિચિંગ પોસ્ટમાં સ્થાપિત કરવામાં આવશે.આ એલાઇનમેન્ટ ઉપરાંત 6 સિસ્મોમીટર નજીકના ભૂકંપની શક્યતા ધરાવતા વિસ્તારોમાં પણ મૂકવામાં આવશે.

## રવિ પાકોના વાવેતરમાં તળાજા તાલુકો મોખરે

### ડુંગળી-ઘઉંનાં વાવેતરમાં ગત વર્ષ કરતાં ઘટાડો

■ તળાજા

ભાવનગર જીલ્લામાં રવિ શિયાળુ પાકનું વાવેતર પૂર્ણ થતા જીલ્લાનાં કુલ 97,553 હેકટરનાં વાવેતરમાં તળાજાનો હિસ્સો 25.289 હે.નો રહયો છે.જે ગત વર્ષ ના પ્રમાણમાં મહદ અંશે ઘટ્યુ છે.જેમાં ચણામાં જીલ્લાનાં કુલ 13,584 હેકટરમાં જેસર ને બાદ કરતા તળાજા તાલુકાનું ચણાનુ વાવેતર 3,547 હેકટરનું છે. જયારે ડુંગળી પાકમાં તળાજા તા.માં આ વર્ષે ખેડૂતોએ ઓછો રસ દાખવતાં ડુંગળી પાકમાં ગત વર્ષના 10,461 ની સામે આ વર્ષે ઘટીને 8,548 હેક્ટરનું થયું છે. ઉપરાંત ઘઉં માં પણ ગત વર્ષના 7,891 હેક્ટર ના વાવેતરની સામે



ઘટીને 5,655 હેક્ટરનું થયું છે. ચાલુ સાલ વરસાદ અને મોસમની સ્થિતિ એકંદર સારી હોવા છતાં તળાજા તાલુકામાં જિલ્લાની જેમ જ રવિ વાવેતરમાં એકંદર ઘટાડો નોંધાયો છે. જે અનુસાર તળાજાનાં કુલ 25,289 હેકટરનાં રવિ વાવેતરમાં ઘઉં 5,655 હે. ચણા 3,547 હે., ડુંગળી 8,548 હેક્ટર,ઘાસચારો 5.748 હે., મકાઈ 358.હે., લસણ129 હે., શાકભાજી 935, હે.નો સમાવેશ થાય છે.

## NEWS FILE

### રાજકોટવાસીઓને દિલ્હીની વધારાની ફ્લાઈટની ભેટ મળશે



રાજકોટ: રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી સમર શેડ્યુલમાં ઉડાન ભરનારી ફ્લાઇટ્સનું સંભવિત શેડ્યુલ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ઉનાળાની સિઝનમાં પણ હાલની જેમ જ દરરોજ 9 સહિત 11 ફ્લાઈટ ઉડાન ભરશે. પરંતુ તેમાં દિલ્હીની સવારની નવી ફ્લાઈટની ભેટ રાજકોટવાસીઓને મળશે તો ઈન્દોરની ફ્લાઈટ બંધ થઈ જશે. ઈન્ડિગો દ્વારા આ ફ્લાઈટ ચલાવવામાં આવી રહી છે. રાજકોટ-અમદાવાદ હાઈવે પર ચોટીલા પાસે સ્થિત હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી હાલ દરરોજ 9 સહિત 11 ફ્લાઈટ ઉડાન ભરે છે.

### પિચકારી મારનારને રૂ. 200નાં બદલે 500 ચૂકવવા પડશે

રાજકોટ: રાજકોટ શહેર સ્વચ્છતા સર્વેક્ષણમાં 7માં ક્રમેથી સીધું 29માં ક્રમે પટકાયા બાદ મ્યુ. કમિશ્નર દ્વારા સ્વચ્છતાને લઈને કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ આવે તે માટે સ્વચ્છતા નહીં જાળવવા બદલ ફટકારવામાં આવતા દંડમાં તોતીંગ વધારો કરવામાં આવ્યો છે. જેમાં જાહેર રસ્તામાં પાનની પિચકારી મારનારને રૂ. 200નાં બદલે હવે 500 ચૂકવવા પડશે. તેમજ જાહેરમાં કચરો ફેકનારને 1000નો ચાંદલો કરવો પડશે.

### અલંગમાં રિસાયક્લિંગ ક્ષમતા વધારાઈ, ટુરિઝમ વિકસાવાશે



ભાવનગર: નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા ગુજરાતનું વર્ષ 2024-25નું રૂપિયા 3 લાખ 32 હજાર 465 કરોડનું પુરાંતલક્ષી બજેટ રજૂ કરવામાં આવ્યું. જેમાં ભાવનગર અને નવસારી જિલ્લાના વિકાસ માટે મહત્વની જાહેરાતો કરવામાં આવી છે. ગુજરાતના બજેટમાં ભાવનગર જિલ્લાના વિકાસને લઈ મહત્વની જોગવાઈ કરવામાં આવી છે. ભવિષ્યને ધ્યાનમાં રાખીને અલંગમાં રિસાયક્લિંગ ક્ષમતા હાલના 405 મિલિયન એલ.ડી.ટી (લાઈટ ડિસ્પલેસમેન્ટ ટનેજ) થી બમણી કરીને 9 મિલિયન એલ.ડી.ટીથી કરવામાં આવશે.

## મેકરફેસ્ટમાં સૌરાષ્ટ્ર યુનિ.ના 3 પ્રોજેક્ટ « ફિઝિક્સ ભવનનાં 3 સંશોધકે ઓછા પાણીથી ખેતીનું ફર્ટિલાઈઝર બનાવ્યું

### ઔદ્યોગીકરણથી દૂષિત પાણીને શુદ્ધ કરતું કાપડ બનાવ્યું

■ રાજકોટ

વડોદરામાં તા.3 અને 4 ફેબ્રુઆરીના મેકરફેસ્ટ યોજાયો. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ફિઝિક્સ ભવનના ત્રણ સંશોધકોએ સમાજ ઉપયોગી પ્રોજેક્ટ તૈયાર કર્યા છે. જેમાં ઓછા પાણીથી ખેતી શક્ય બનાવતું ફર્ટિલાઈઝર તેમજ ઔદ્યોગીકરણને કારણે દૂષિત પાણીને શુદ્ધ કરતા કાપડનું નિર્માણ કર્યું છે. મેકરફેસ્ટ વડોદરાએ મેકરફેર કેલિફોર્નિયાનું ભારતીય વર્ઝન છે. 2019થી દર વર્ષે M.S. યુનિવર્સિટી ટેકનોલોજી, વડોદરા ખાતે મેકરફેસ્ટનું આયોજન કરવામાં આવે છે. આ મેકરફેસ્ટ દેશભરમાંથી અલગ-અલગ ક્ષેત્રોના કલાકારો, એજ્યુકેટર્સ, ઈજનેરો, સંશોધકો, પર્યાવરણવિદો, ફૂડ સંશોધકો, ઉદ્યોગ સાહસિકો આવે છે તથા પોતાના સંશોધનો, પ્રોડક્ટ્સ કે કલાઓ રજૂ કરે છે. મેકરફેસ્ટમાં યુવાનોથી માંડીને અનુભવી લોકો સુધી તમામ વય જૂથના મેકર્સ તેમજ દર્શકો બહોળી સંખ્યામાં ભાગ લે છે.

### ઔદ્યોગિકરણને લીધે થતા પ્રદૂષિત જળને શુદ્ધ કરતું 'ફોટો કેટાલીટીક કાપડ'

**ત્રણેય પ્રોજેક્ટને સિલ્વર પ્રાઇઝ મળ્યું હતું** આ મેકરફેસ્ટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૌતિક શાસ્ત્ર ભવનના સંશોધકો તેમજ વિદ્યાર્થીઓ છેલ્લા 2 વર્ષથી ભાગ લે છે. તેમના સમાજ ઉપયોગી અને ઔદ્યોગિક ક્ષેત્ર ઉપયોગી એવા સંશોધનો રજૂ કરે છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ત્રણ સંશોધનો રજૂ કરવા જઈ રહ્યા છે.

કુદકેને ભૂસકે વધતી જન સંખ્યા, ઔદ્યોગિકરણ અને શહેરીકરણના પરિણામે જલ પ્રદૂષણ એક ગંભીર સમસ્યા બની ચૂકી છે. આ પ્રદૂષિત જળનું શુદ્ધિકરણ હાલના સમયની તાતી જરૂરિયાત છે. પ્રદૂષિત જળના શુદ્ધિકરણ હેતુ આ કાપડ બનાવ્યું છે. જે ફોટોકેટાલીટીક ક્ષમતા ધરાવે છે. આ કાપડ કાર્બન ક્વોન્ટમ ડોટનો ઉપયોગ કરીને ડીપ કોટિંગ પ્રક્રિયાથી બનાવાયું છે. આ કાપડને ડાઈથી પ્રદૂષિત પાણીમાં નાખી સૂર્યપ્રકાશની હાજરીમાં મુકતાની સાથે અમુક મિનિટોમાં જ પાણીમાંથી ડાઈ દૂર થઈ જાય છે અને પાણી શુદ્ધ થઈ જાય છે. આ કાપડની ખાસિયત એ છે કે એ ખુબ જ ઓછા સમયમાં દુષિત પાણીમાંથી ડાઈ જેવા નુકસાનકારક દ્રવ્યોને દૂર કરી શકે છે તથા એક જ કાપડ ઘણી વાર ઉપયોગમાં આવી શકે છે. ફોટોકેટાલિટીક કાપડ એ દુષિત પાણીના શુદ્ધિકરણ માટેનું એક મહત્વપૂર્ણ સંશોધન છે.

# પુત્ર, પૌત્રી ને પતિને ગુમાવનાર ગમે તેટલા કઠણ હૃદયનું હોય તો પણ ભાંગી પડે



## ઋણાનુબંધ

ભાવના પટેલ

નવલકથા - પ્રકરણ - ૧૮

ઝમકુ ચા બનાવી રહી હતી. આમ તો તુલસી રોજ દૂધ પીતી. પરંતુ આજે માથું દુખતું હોવાથી ઝમકુને પોતાના માટે પણ ચા બનાવવાનું કહ્યું.

ઝમકુરુખીબહેનનેએમના રૂમમાં ચા આપી આવી. લક્ષ્મીપ્રસાદના રૂમનું બારણું અંદરથી બંધ હતું. ઝમકુએખખડાવ્યું પરંતુ અંદરથી કોઈ જ જવાબ મળ્યો નહીં. એણે ફરી ખખડાવ્યું તોયે જવાબ ના મળ્યો.

'મોડેહુધી રાતે જાગતાતાને એટલે આંખ લાગી ગઈ હઈશે. ભલે હુતા.' આમ સ્વગત બોલતી એ પાછી રસોડામાં આવી.

તુલસી ચા-નાસ્તો કરી જ રહી હતી, ત્યાં ઈન્સ્પેક્ટર ઘરમાં દાખલ થયા ને બોલ્યાં...'તમારી ચામાં ભાગ પડાવવા આવું?'

'આવોને, કેમ કંઈ સવાર-સવારમાં?' ધડકતાદિલે તુલસી બોલી. ઈન્સ્પેક્ટરને જોઈને જ હવે એને ગભરામણ થવા માંડતી હતી કે હવે વળી શું થયું?

'રાત્રે મોડા લગભગ એક વાગ્યે લક્ષ્મી પ્રસાદનો ફોન આવેલો. એમણે એવું કહેલું કે ખાસ કામ છે. સવારે આઠ વાગ્યે આવી જજો. કેટલુંયે પૂછ્યું તોયે એમ જ કહ્યું કે સવારે મળીએ જ છીએ ને.'

'પરંતુ એ તો હજી ઉઠ્યા જ નથી.'

'તો જલ્દી ઉઠાડો મારે નવ વાગ્યે કમિશનર સાહેબને મળવા જવાનું છે.'

'ઝમકુ જા તો બારણું ખખડાવ તો.' તુલસીએઝમકુને કહ્યું ને ચા નો કપ ભરીને ઈન્સ્પેક્ટરને આપ્યો.

'નાસ્તો લેશો સાથે?' 'ના એકલી ચા જ આપો.'

ઝમકુએ બારણું ખખડાવ્યું. થોડીવાર રાહ જોઈ. અંદરથી કોઈ જવાબ ના આવ્યો એટલે ફરી થોડું જોરથી ખખડાવ્યું ને 'બાપુજી-બાપુજી' એમ જોરથી બૂમો પણ પાડી.

રુખીબહેન પણ એમના રૂમમાંથી બહાર આવ્યા ને થોડા ઊચાટથી બોલ્યા 'અખિલના બાપુ જવાબ કાં નથી દેતા?'

'બાપુજી-બાપુજી ઝમકુએ ફરી જોરથી બૂમ પાડીને બારણું જોરથી ધબધબાવ્યું.

તુલસી અને ઈન્સ્પેક્ટર પણ ત્યાં જ આવી ગયા. બધાએ વારાફરતી બૂમો પાડી, બારણા જોરથી ખખડાવ્યાં, પણ અંદરથી કોઈ જ જવાબ ન મળ્યો.

ઈન્સ્પેકટરે પોતાનો ખભો જોરથી બારણા સાથે અથડાવ્યો. એમના ખભામાં દર્દ થયું પણ બારણું તો તસુએ ના હલ્યું. સાગના મજબૂત બારણા હતા ક્યાંથી હલે.

હવે બધાના મગજમાં કંઈક અમંગળની આશંકા આવી.

ઈન્સ્પેક્ટરદોડીને આગળ બગીચામાં ગયા. રૂમની એક બારી ત્યાં પડતી. એ બંધ હતી. ઈન્સ્પેક્ટરે આજુબાજુ જોયું. ત્યાં બગીચામાં ક્યારાખોદવા માટેનો પાવડો એક ખૂણામાં પડેલો હતો. એ પાવડો લઈને એમણે બારીના કાચ પર માર્યો. એક જ પ્રહારે કાચ તૂટી ગયો ને અંદરનું દ્રશ્ય જોઈને ઈન્સ્પેક્ટર પણ હતપ્રભ થઈ ગયા.

ઈન્સ્પેક્ટરની પાછળ જ દરેક વ્યક્તિ બગીચામાં આવેલા ને રુખીબહેનેઈન્સ્પેક્ટરની બાજુમાં આવીને જોયું ને ચીસ પાડીને બોલ્યા 'આ હુકયરુ તમે અખિલના બાપુ?' ને સાથે બહુ જ આક્રંદ કરીને રડવા લાગ્યા.

ઈન્સ્પેકટરેઝમકુને ઈશારો કરીને કહ્યું કે એમને અંદર લઈ જાય. તુલસીએ આ દૃશ્ય જોયું, ને મટકુંયેમાર્યા વગર ડોળા ફાડીને બસ જોતી જ રહી. લક્ષ્મીપ્રસાદે પંખા સાથે દોરડું બાંધીને આપઘાત કર્યો હતો. એમનો વજનદાર દેહ લટકી રહ્યો હતો. આંખોના ડોળા બહાર આવી ગયા હતા. મોઢામાંથી ફીણ નીકળીને દાઢી પર, ગળા પર ફેલાઈ ગયા હતા. તુલસી જોતી હતી તો લક્ષ્મીપ્રસાદને પરંતુ એની નજર સામે તો વિદ્યાશંકરનો લટકતો દેહ દેખાતો હતો, તો ઘડીક મા નો લટકતો દેહ દેખાતો હતો.

જ્યારે મા-બાબાએ આત્મહત્યા કરી ત્યારે, એ ગર્ભવતી હતી અને સંસ્થામાં હતી. તુલસીએ આ રીતે લટકતા મા-બાપના મૃતદેહ તો જોયા જ નહોતાં. પરંતુ તુલસીનું અચેતન મન ત્યારનીખૂટતીકડીને અત્યારે જોડી રહ્યું હતું. લક્ષ્મીપ્રસાદનાચહેરાની જગ્યાએ એને વારાફરતી મા અને બાબાનાચહેરા જ દેખાતા હતા.

તુલસીએ મોટેથી ચીસ પાડી 'મા, બાબા મને છોડીને ના જાઓ. હું કોના સહારે જીવીશ? મા નહીં જા મા હું તારા વગર નહીં જીવી શકું.'

આમ કહેતી તુલસી બેભાન થઈ ગઈ. હંમેશની માફક આજે પણ ઈન્સ્પેકટરે, તુલસી નીચે પછડાય એ પહેલા એને ઝીલી લીધી.

પહેલી નજરે જ આ કેસ આત્મહત્યાનો હતો. વળી, લક્ષ્મીપ્રસાદ મૃત્યુ પામ્યા હોવાનું લાગતું જ હતું. તેથી હવે ઉતાવળ કરવાનો કોઈ જ મતલબ નહોતો.

ઈન્સ્પેક્ટરે પોલીસ સ્ટેશને ફોન કરીને ફોટોગ્રાફરને બોલાવ્યો, અને ઝમકુ પાસેથી નંબર મેળવીને મિસ્ત્રીને ફોન લગાવ્યો.

ફોટોગ્રાફરે પહેલા બારીમાંથી ફોટા પાડ્યા. મિસ્ત્રીએ બારીમાંથી હૂક લગાવેલો મોટો સળિયો નાખીને અંદરથી વાસેલી સ્ટોપર મહામહેનતે ખોલી.

બારણું ખોલ્યા પછી બારણા આગળથી જ ફરી ફોટોગ્રાફરેફોટા પાડ્યા. લાશનાફોટા પાડ્યા. પછી લક્ષ્મીપ્રસાદનામૃતદેહને નીચે ઉતારીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો.

રૂમમાં પડેલી દરેક વસ્તુનો કબજો ઈન્સ્પેક્ટરે મેળવ્યો. ટેબલ પર ચાર કવરો હતા. દરેક કવર પર નામ લખેલું હતું.

તુલસી હજુયે બેહોશ હતી. રુખીબહેનની સ્થિતિ પણ કંઈ સારી નહોતી. ઈન્સ્પેક્ટરેપડોશમાંથી બે વ્યક્તિને બોલાવીને એમની હાજરીમાં એક મોટા કવરની અંદર આ બધા જ કવરો મૂકીને એ મોટા કવરને સીલ માર્યું, અને એની ઉપર એ બે વ્યક્તિની સહી લીધી અને પોતે પણ સહી કરી.

ટેબલનાડ્રોઅરો, કબાટના દરેક ખાનાઈન્સ્પેક્ટરે ફંફોસ્યા, પરંતુ બીજું કંઈ નોંધપાત્ર હાથ ના લાગ્યું.

પોસ્ટમોર્ટમ પતી ગયું, સાંજે લક્ષ્મીપ્રસાદનીઅંતિમવિધિ પણ પતી ગઈ. તુલસીનું મગજ બહેર મારી ગયું હતું. એક દુર્ઘટનાથી શરૂ થયેલો આ બધો સિલસિલો ક્યાં જઈને અટકશે?

રુખીબહેને તો આ પંદર જ દિવસમાં પુત્ર, પૌત્રી ને પતિ એમ ત્રણ-ત્રણ વ્યક્તિને ગુમાવી હતી. ગમે એવી કઠણ હૃદયની સ્ત્રી પણ પડી ભાંગે. રુખીબહેનને તો વળી આ આઘાત સાથે લક્ષ્મીપ્રસાદેલગાવેલીથપ્પડનો આઘાત પણ સામેલ હતો. એમના સહજીવનનાં આટલા વર્ષોમાં પહેલીવાર આવું બનેલું.

બીજે દિવસે બેસણું પત્યા પછી ઈન્સ્પેક્ટરે એ સહી કરેલા સાક્ષીઓ, લક્ષ્મીપ્રસાદના વકીલ, રુખીબહેન અને તુલસીની હાજરીમાં કવર નું સીલ ખોલ્યું અને બધા જ કવર બહાર કાઢ્યા.

ક્રમશઃ વધુ આવતા અંકે...

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services
durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



(અ, લ, ઈ)

કોઈ સારા સમાચાર મળવાથી તમારો આત્મવિશ્વાસ વધશે અને તમે તમારા કાર્યો સમયસર પૂર્ણ કરી શકશો. સંબંધીઓ અને મિત્રો સાથે મુલાકાત પણ થશે. તમે બધી ચિંતાઓને બાજુ પર મૂકીને હળવા મને રહેશો. યુવાનો પોતાની કારકિર્દીને લઈને ખૂબ જ ગંભીર રહેશે.પારિવારિક વ્યવસ્થાને લઈને થોડો તણાવ રહેશે.

### વૃષભ



(બ.વ.ઉ)

કેટલાક મહત્ત્વપૂર્ણ લોકો સાથે મુલાકાત લાભદાયક રહેશે. અનેક પ્રકારની ઉત્તમ માહિતી પણ પ્રાપ્ત થશે. ઘર અને વ્યવસાય બંનેમાં યોગ્ય સંવાદિતા રહેશે. મિલકત સંબંધિત કોઈ મામલો પેન્ડિંગ હોય તો તેનો ઉકેલ આવવાની પૂરેપૂરી શક્યતા છે. સાવચેત રહો. વેપારમાં કાર્યક્ષેત્રની આંતરિક ગતિવિધિઓ વ્યવસ્થિત રહેશે.

### મિથુન



(ક.છ.ઘ)

દિવસ તમને ખૂબ જ વ્યસ્ત રાખશે. પરંતુ તે સાનુકૂળ પરિણામ પણ આપશે. બીજાની મદદની અપેક્ષા રાખ્યા વગર તમારા કાર્યો જાતે જ ગોઠવો.આર્થિક પ્રવૃત્તિઓમાં થોડો સુધારો થશે. અને લાંબા સમયથી ચાલી આવતી કોઈ ચિંતા પણ દૂર થઈ જશે. નાની-નાની નકારાત્મક બાબતોની ચિંતા કર્યા વિના ઉકેલ શોધવાનો પ્રયાસ કરો.

### કર્ક



(ડ.હ)

તમને કેટલાક સમયથી ચાલી રહેલી સમસ્યાનો ઉકેલ મળવાનો છે. તમારા કામ પ્રત્યે ખૂબ જ સભાન અને ધ્યાન કેન્દ્રિત કરવાથી તમને ચોક્કસપણે સફળતા મળશે. અનુભવી લોકોના સંપર્કમાં રહો, તેનાથી તમારી વિચારધારા પણ બદલાઈ જશે. કોઈના પર વધારે વિશ્વાસ ન કરો અથવા તમારી યોજનાઓ શેર ન કરો.

### સિંહ



(મ.ટ)

તમને સામાજિક અને રાજનૈતિક પ્રવૃત્તિઓથી કેટલીક સિદ્ધિઓ મળી શકે છે. તમારા હૃદયને બદલે મનથી નિર્ણય લેવાથી તમારી દિનચર્યા વ્યવસ્થિત રહેશે. કોઈ જૂની ઉધાર આપેલી રકમ પણ આજે માંગણી પર પરત મળી શકે છે. અજાણ્યા લોકો સાથે વ્યવહાર કરતી વખતે સાવધાની રાખવાની જરૂર છે. તમારા ખર્ચ પર નિયંત્રણ રાખો.

### કન્યા



(પ.ઠ.ણ)

જો પૈસા ક્યાંક અટવાયેલા છે, તો તેને મેળવવા માટે આજનો સમય શ્રેષ્ઠ છે. ઘરના વડીલો અને વરિષ્ઠ લોકોના અનુભવ અને માર્ગદર્શનને અનુસરો. તમને મોટી સફળતા મળશે. યુવાનોને તેમના કરિયર સંબંધિત કોઈ સારા સમાચાર મળવાથી રાહત મળશે. તેનાથી તમારી કામ કરવાની ક્ષમતા પર નકારાત્મક અસર પડી શકે છે.

### તુલા



(ર.ત)

લાંબા સમયથી પેન્ડિંગ રહેલા પારિવારિક મામલાઓને ઉકેલવા માટે આ સારો સમય છે. તમને કોઈ યોજના સાકાર કરવાની તક મળશે અને નજીકના મિત્ર સાથે આ વિષય પર મહત્ત્વપૂર્ણ ચર્ચા પણ થશે. બાળકોના ભવિષ્ય સાથે જોડાયેલી યોજનાઓ શરૂ કરવામાં થોડો વિલંબ થઈ શકે છે. પરંતુ સમય પ્રમાણે કામ થશે.

### વૃશ્ચિક



(ન.ય)

સ્વાસ્થ્ય સંબંધિત કોઈપણ સમસ્યામાંથી રાહત મેળવ્યા બાદ તમે પ્રસન્નતા અનુભવશો અને તમારી દિનચર્યા શ્રેષ્ઠ રીતે પૂર્ણ કરશો. ફોન કોલ દ્વારા કેટલીક મહત્ત્વપૂર્ણ માહિતી મળવાની સંભાવના છે. કોઈપણ પરિસ્થિતિમાં શાંત અને ધીરજ રાખવી મહત્ત્વપૂર્ણ છે. ધંધામાં જો કોઈ વિસ્તરણની યોજના ચાલી રહી છે.

### ધન



(ભ.ફ.ધ.ઢ)

તમારી કેટલીક સમસ્યાઓ દૂર થવા જઈ રહી છે અને તમે ઉર્જાથી ભરપૂર અનુભવ કરશો અને ઘરમાં કેટલાક શુભ કાર્ય પણ પૂરાં થશે. સામાજિક કાર્યોમાં પણ તમારી રુચિ વધશે. કોઈ પેન્ડિંગ પેમેન્ટ મળવાની સંભાવના છે. આ સમયે તમારે વાતચીતમાં સાવચેત રહેવાની જરૂર છે. તમારી વ્યવસાય પદ્ધતિ કોઈની સાથે શેર કરશો નહીં.

### મકર



(ખ.જ)

પારિવારિક નિર્ણયોમાં તમારું વિશેષ યોગદાન રહેશે. વ્યસ્ત હોવા છતાં, તમે તમારા અને તમારા પરિવાર માટે સમય કાઢશો. યુવાનોને તેમના કરિયર સંબંધિત પ્રયાસોથી સંબંધિત કેટલાક સારા સમાચાર મળશે. વ્યવસાયિક બાબતોમાં તમારી હાજરી ફરજિયાત બનાવો અને તમામ કામ તમારી દેખરેખ હેઠળ કરો.

### કુંભ



(ગ.સ.શ.ષ)

તમને કેટલીક વિશેષ માહિતી મળશે અને તમારી વિચારવાની શૈલીમાં યોગ્ય પરિવર્તન આવશે. તમારા કામ પર સજાગ અને ધ્યાન કેન્દ્રિત કરવાથી તમારી આર્થિક સ્થિતિમાં પણ સુધારો થશે. નજીકના સંબંધીની સમસ્યાઓના ઉકેલમાં પણ તમે સહયોગ કરશો. પાડોશીઓ અથવા મિત્ર સાથે નાની-નાની વાત પર મતભેદ થઈ શકે છે.

### મીન



(દ.ચ.ઝ.થ)

વ્યાવસાયિક વલણ તમને લાભદાયક પરિસ્થિતિઓ પ્રદાન કરશે અને તમને કોઈ ખાસ કાર્ય પૂર્ણ કરવામાં વરિષ્ઠ લોકોનો સહયોગ પણ મળશે. ક્યારેક મનમાં કોઈ અપ્રિય ઘટના બનવાનો ડર રહે છે. સ્ટાફ અને કર્મચારીઓ સાથે યોગ્ય શિસ્ત જાળવવી મહત્ત્વપૂર્ણ છે. માર્કેટિંગ અને મીડિયા સંબંધિત કામમાં તમારો સમય બગાડો નહીં.

આ મોટા ચહેરાને મળી શાનદાર એન્ટ્રી

# ફિલ્મ No Entry 2 માંથી સલમાન ખાન 'એક્ઝિટ', અનિલ-ફરદીન ઈન

## અનીસ અને બોની કપૂર અભિનેતાઓને મળ્યા

■ મુંબઈ

ફુલ ઓન કોમેડી અને ડ્રામાથી ભરપૂર સલમાન ખાન, અનિલ કપૂર અને ફરદીન ખાનની નો એન્ટ્રી ચાહકોને ખૂબ પસંદ આવી હતી. આ ફિલ્મની ચર્ચા આજે પણ થાય છે તો લોકોને સલમાન-ફરદીન અને અનિલની ત્રિપુટી યાદ આવી જાય છે. હવે લગભગ 20 વર્ષ બાદ અનીસ બાજમી ડાયરેક્ટેડ નો એન્ટ્રીની સીકવલને લઈને ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. રિપોર્ટ અનુસાર ટૂંક સમયમાં નો એન્ટ્રીની સીકવલ નવી કહાની અને મોટી સ્ટાર કાસ્ટની સાથે થિયેટર્સમાં રિલીઝ થશે.રિપોર્ટ અનુસાર એક્ટર્સને ફિલ્મની સ્ક્રિપ્ટ પસંદ આવી છે અને તેણે કોમેડી-ડ્રામા માટે હા પાડી દીધી છે.

કહેવાઈ રહ્યુ છે કે બોની કપૂર અને અનીસ બાજમી છેલ્લા 6 મહિનામાં એક્ટર્સને ઘણી વાર મળી ચૂક્યા છે અને હવે તેઓ વર્ષ 2005માં આવેલી હિટ ફિલ્મ નો એન્ટ્રીની સીકવલને ફ્લોર પર લાવવાની તૈયારી કરી રહ્યા છે. રિપોર્ટ અનુસાર નો એન્ટ્રીની સીકવલ 2024ના ડિસેમ્બર મહિનામાં ફ્લોર પર લાવી શકાય છે. અત્યાર સુધી મેકર્સ કે એક્ટર્સની તરફથી નો એન્ટ્રીની સીકવલ પર કોઈ પણ પ્રકારનું કોઈ સત્તાવાર સ્ટેટમેન્ટ આપવામાં આવ્યુ નથી.




**સલમાન ખાન-ફરદીન ખાનની નો એન્ટ્રીથી થઈ એગ્ઝિટ!**

રિપોર્ટ અનુસાર નો એન્ટ્રી 2 ને લઈને બોની કપૂર અને જી સ્ટુડિયો સાથે આવી રહ્યા છે. ફિલ્મને અનીસ બાજમી જ ડાયરેક્ટ કરવાના છે પરંતુ ફિલ્મની સ્ટારકાસ્ટ સંપૂર્ણ રીતે બદલાઈ જશે. રિપોર્ટ અનુસાર સલમાન ખાન, ફરદીન ખાન અને અનિલ કપૂરના સ્થાને વરુણ ધવન, અર્જુન કપૂર અને દિલજીત દોસાંજ લીડ રોલમાં જોવા મળશે. જોકે રિપોર્ટમાં ફીમેલ એક્ટર્સને લઈને કોઈ પણ પ્રકારની કોઈ જાણકારી આપવામાં આવી નથી.

# શોભિતા ધુલિપાલાની દેવ પટેલ સાથે હોલીવૂડમાં એન્ટ્રી

## ભારતના બેકગ્રાઉન્ડ પર બનેલી ફિલ્મનું દિગ્દર્શન જાતે કર્યુ છે

■ મુંબઈ

ઓટીટીના સંખ્યાબંધ શો દ્વારા ભારતમાં લોકપ્રિય બની ચુકેલી હિરોઈન શોભિતા ધુલિપાલાએ હોલીવૂડમાં એન્ટ્રી કરી છે. તેની પહેલી હોલીવૂડ ફિલ્મ 'મંકી મેન'નું ટ્રેલર તાજેતરમાં રીલીઝ કરવામાં આવ્યું છે. 'સ્લમડોગ મિલિયોનર' ફિલ્મથી જાણીતો દેવ પટેલ આ ફિલ્મમાં શોભિતાનો સહકલાકાર છે . આ ફિલ્મનો પ્રોડયૂસર અને ડાયરેક્ટ પણ દેવ પટેલ પોતે જ છે. ફિલ્મની વાર્તા ભારતીય બેકગ્રાન્ડની છે. 'મંકી મેન' નામ પરથી તેની પ્રેરણા હનુમાનજી પરથી લેવામાં આવી હોવાનું પણ કહેવાય છે. શોભિતાએ જાતે સોશિયલ મીડિયા પર આ ટ્રેલર પોસ્ટ કર્યું હતું. તે પછી અનુરાગ કશ્યપ, હોલીવૂડના ભારતીય અભિનેતા આદર્શ ગૌરવ તથા અન્ય હસ્તીઓએ તેને હોલીવૂડ ડેબ્યૂ માટે અભિનંદન પાઠવ્યાં હતાં.



# બૈજુ બાવરા પડતી મૂકાતાં રણવીર સાઉથના શરણે

## એક્શન ફિલ્મ માટે અનેક સર્જકોનો સંપર્ક કર્યો

■ મુંબઈ



સંજય લીલા ભણશાળીએ 'બૈજુ બાવરા' ફિલ્મ પડતી મુકતાં રણવીર સિંહને ભારે આંચકો લાગ્યો છે. તેના હાથમાંથી એક મોટો પ્રોજેક્ટ સરકી ગયો છે. હવે તે કોઈ મોટી દમદાર એક્શન ફિલ્મ મેળવવા માટે સાઉથના ફિલ્મ સર્જકોનો સંપર્ક કરી રહ્યો છે. ફિલ્મ વર્તુળોમાં ચર્ચા મુજબ રણવીરે સંદિપ રેડ્ડી વાંગા, એટલી, નેલસન, એ.આર.મુરગાદોસ સહિતના કેટલાય ફિલ્મ સર્જકોનો સંપર્ક કર્યો છે અને પોતાને કોઈ મોટી એક્શન ફિલ્મ આપવા માટે વાતચીત શરુ કરી છે. તાજેતરમાં સંદિપ રેડ્ડી વાંગાની ફિલ્મ 'એનિમલ'ની જબ્બર સફળતા બાદ રણબીર કપૂર રણવીર કરતાં એક કદમ આગળ નીકળી ગયો છે. તેની ફી પણ રણવીર કરતાં અનેકગણી આગળ વધી ગઈ છે. શાહરુખ ખાન અને હૃતિક રોશને પણ એક્શન હિરો તરીકે ધૂમ મચાવી છે. આ સંજોગોમાં રણવીરને લાગ્યું છે કે પોતે આ રેસમાં ટકી રહેવું હશે તો કોઈ મોટી એક્શન ફિલ્મ કરવી પડશે. 'બૈજુ બાવરા' માટે રણવીરને અનેક અપેક્ષાઓ હતી.

# આતિફ અસ્લમની વર્ષો પછી બોલીવૂડમાં રિ એન્ટ્રી

## એલએસઓ ૧૦ ફિલ્મમાં ગીત ગાશે

■ મુંબઈ



પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધની માગણી કરતી અરજી બોમ્બે હાઈકોર્ટે અગાઉ ફગાવી દીધા બાદ હવે આતિફ અસ્લમનું વર્ષો પછી બોલીવૂડમાં પુનરાગમન થઈ રહ્યું છે. તેને નેવુંના દાયકાની લવ સ્ટોરી આધારિત એક ફિલ્મમાં ગીત ગાવાની તક મળી છે. આ ફિલ્મને હાલ એલએસઓ૯૦ એવું નામ અપાયું છે. આ ફિલ્મના કલાકારોમાં અધ્યન સુમન તથા મિસ યુનિવર્સ સ્પર્ધામાં ભાગ લઈ ચુકેલી દિવિટા રાઈનો સમાવેશ થાય છે. હરેશ સાંગાણી તથા ધર્મેશ સાંગાણી નામના નિર્માતાઓ આ ફિલ્મ બનાવી રહ્યા છે. તેનું દિગ્દર્શન અમિત કસારિયા કરશે. આતિફનાં 'પહેલી નઝર મેં ' તથા 'બાખુદા તુમ્હી હો' જેવાં ગીતો લોકપ્રિય થઈ ચૂક્યાં છે. તેનું 'બદલાપુર' ફિલ્મનું 'દહેલીઝ પે ' ગીત પણ સુપરહિટ થયું હતું. જોકે, તાજેતરમાં પાકિસ્તાની કલાકારો પર કાયમી પ્રતિબંધ ફરમાવવાની માગણી કરતી એક અરજી બોમ્બે હાઈકોર્ટે ફગાવી દીધી હતી. તે પછી પાક. કલાકારો માટે બોલીવૂડમાં કામ કરવાનો માર્ગ ફરી મોકળો થયો છે.

## NEWS FILE

### અભિનેત્રી સની લિયોનીએ પણ નોઈડામાં પોતાની રેસ્ટોરાં શરુ કરી



મુંબઈ : અનેક બોલીવૂડ હસ્તીઓની જેમ સની લિયોનીએ પણ રેસ્ટોરાં બિઝનેસમાં ઝંપલાવ્યું છે. તેણે દિલ્હીના નોઈડામાં એક રેસ્ટોરાં શરુ કરી છે. અભિનેત્રીએ પોતાની રેસ્ટોરાંને ચિકા લોકા એવું સ્પેનિશ નામ આપ્યું છે. ચિકા લોકાનો મતલબ અંગ્રેજીમા ક્રેઝી ગર્લ થાય છે. સનીએ પોતે રેસ્ટોરાંમાં કૂક કરતી હોય તેવો વીડિયો પણ શેર કર્યો હતો. બોલીવૂડમાં અનુષ્કા શર્મા, શિલ્પા શેટ્ટી, કરણ જોહર સહિતની હસ્તીઓની પોતાની રેસ્ટોરાં છે. વિવિધ રેસ્ટોરાં ચેઈનની માલિકીની રીતે સુનિલ શેટ્ટી સૌથી ટોપ પર છે. પ્રિયંકા ચોપરાએ પણ ન્યૂયોર્કમાં રેસ્ટોરાં શરુ કરી હતી.

### પુલકિત સમ્રાટ અને કિર્તી ખરબંદાની સગાઈ થઈ



મુંબઈ : પુલકિત સમ્રાટ અને કીર્તિ ખરબંદાની સગાઈ થઈ ગઈ છે. તેમની રોકા સેરિમનીની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. રોકા સેરેમનીમાં ફક્ત તેમના પરિવારજનો અને અંગત મિત્રો જ હાજર હતા. વાયરલ થયેલ તસવીરોમાં કિર્તીના હાથમાં સગપણની વીંટી જોવા મળી રહી છે. પુલકિત અને કિર્તી વર્ષોથી ડેટ કરી રહ્યાં હતાં. હવે તેમની રોકા સેરિમનીની વિગતો બહાર આવ્યા બાદ લગ્નની તારીખો અંગે પણ અટકળો શરુ થઈ ગઈ છે. આ તસવીરો વાયરલ થયા બાદ સંખ્યાબંધ ચાહકોએ બંનેને અભિનંદન પાઠવ્યાં હતાં.

### ઝગડામાં સાવરકરની બાયોપિક માર્ચમાં આવશે



મુંબઈ : રણદીપ હુડા અભિનિત ફિલ્મ 'સ્વાતંત્ય વીર સાવરકર' હવે આગામી માર્ચેમાં રીલીઝ કરાશે. રણદીપ જ આ ફિલ્મનો ડાયરેક્ટર તથા સહ નિર્માતા પણ છે. આ ફિલ્મ મૂળ તો ગયા વર્ષે મે માસમાં રીલીઝ થવાની હતી. પરંતુ, તેને એક પછી એક વિવાદોનું ગ્રહણ નડતું રહ્યું હતું. રણદીપ બહુ વધારે પડતી દખલ કરે છે તેવા આરોપો સાથે દિગ્દર્શક મહેશ માંજરેકરે ફિલ્મ છોડી દીધી હતી. તે પછી રણદીપે જાતે જ દિગ્દર્શનની જવાબદારી વહન કરી હતી.

અગ્નિ ચોપરા આ સિદ્ધ મેળવનાર પ્રથમ બેટર બન્યો

# 12માં ફેલ ડિરેક્ટરના પુત્રનો રણજી રેકોર્ડ, 4 ફર્સ્ટ ક્લાસ મેચમાં 5 સદી

નવી દિલ્હીઃ સુપરહિટ ફિલ્મ '12મી ફેલ'ના દિગ્દર્શક વિધુ વિનોદ ચોપરાના પુત્ર અગ્નિ ચોપરાએ રણજી ટ્રોફી-2024માં નવો રેકોર્ડ બનાવ્યો છે. તે પોતાની કારકિર્દીની પ્રથમ 4 ફર્સ્ટ ક્લાસ મેચમાં 5 સદી ફટકારનાર પ્રથમ ભારતીય બેટર બની ગયો છે. આ યુવા બેટ્સમેને 5 જાન્યુઆરીએ સિક્કિમ સામે ફર્સ્ટ ક્લાસ ડેબ્યૂ કર્યું હતું. મિઝોરમ તરફથી રમતા 25 વર્ષીય અગ્નિએ મેઘાલય સામે બીજી ઈનિંગમાં પણ સદી ફટકારી હતી. આ તેની સતત ચોથી સદી છે. અગ્નિએ છેલ્લી ઈનિંગ્સમાં 105 રન બનાવ્યા હતા. આ ઈનિંગ બાદ અગ્નિને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. તેણે પ્રથમ દાવમાં 105 રન અને બીજા દાવમાં 101 રનનું યોગદાન આપ્યું હતું. તેની ઈનિંગને કારણે મિઝોરમની ટીમે મેઘાલય પર 191 રનનો મોટો વિજય નોંધાવ્યો હતો.





## અત્યાર સુધી દરેક મેચમાં સદી ફટકારી

અગ્નિ દેવ ચોપરાએ આ સિઝનમાં પોતાની તમામ મેચમાં સદીની ઈનિંગ્સ રમી છે. તેણે સિક્કિમ સામે ડેબ્યૂ મેચમાં 166 અને 92 રનની ઈનિંગ રમી હતી. ત્યારબાદ નાગાલેન્ડ સામે 166 અને 15 રન બનાવ્યા હતા. આ પછી અગ્નિએ અરુણાચલ પ્રદેશ સામે 114 અને 10 રનની ઈનિંગ્સ રમી હતી અને મેઘાલય સામે તેણે પ્રથમ ઈનિંગમાં 105 રન અને બીજી ઈનિંગમાં 101 રન બનાવ્યા હતા.

## પિતા ફિલ્મ નિર્દેશક છે - માતા લેખક છે

અગ્નિના પિતા વિધુ વિનોદ ચોપરા ફિલ્મ નિર્દેશક છે. 69માં ફિલ્મફેર એવોર્ડ્સમાં '12મી ફેલ' માટે તેમને શ્રેષ્ઠ દિગ્દર્શક તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. તેમણે લવ સ્ટોરી 1947, 3 ઈડિયટ્સ અને મુન્નાભાઈ MBBS જેવી ફિલ્મોનું દિગ્દર્શન અને નિર્માણ કર્યું છે. તેમની ફિલ્મને બેસ્ટ ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો. અગ્નિની માતા જાણીતા લેખક, પત્રકાર અને ફિલ્મ વિવેચક અનુપમા ચોપરા છે. અનુપમાએ બુધવારે પોતાના પુત્ર માટે એક પોસ્ટ પણ શેર કરી અને લખ્યું- 'પ્રાઉડ મોમ'.

# યુવરાજ, બ્રેટ લી અને રૈના WCLમાં સાથે રમશે

### ફિલ્મ અભિનેતા અજય દેવગન બ્રાન્ડ એમ્બેસેડર

■ એજબેસ્ટન



યુવરાજ સિંહ, સુરેશ રૈના, શાહિદ આફ્રિદી, કેવિન પીટરસન અને બ્રેટ લી જેવા દિગ્ગજ ક્રિકેટરો ફરી એકવાર રમતા જોવા મળશે. આ તમામ સ્ટાર્સ ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ (WCL)માં સાથે રમતા જોવા મળશે. આ લીગ ત્રીજીથી 18મી જુલાઈ દરમિયાન ઈંગ્લેન્ડના એજબેસ્ટન ખાતે યોજાશે.

આ લીગમાં પ્રખ્યાત ફિલ્મ અભિનેતા અજય દેવગનનું નામ પણ જોડાયું છે. તે આ લીગનો બ્રાન્ડ એમ્બેસેડર બન્યો છે. તેણે કહ્યું- 'ક્રિકેટ પ્રેમી તરીકે દિગ્ગજ ક્રિકેટરોને ફરીથી એક્શનમાં જોવાનું સપનું છે. જે સાકાર થયો. આ ટુર્નામેન્ટ માત્ર ક્રિકેટની ગમગીનીને બહાર લાવે છે, પરંતુ સિનેમા અને ક્રિકેટ વચ્ચેના અનોખા સહયોગને પણ દર્શાવે છે.' ભારત, પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ ઉપરાંત, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓ કે જેઓ કાં તો નિવૃત્ત થઈ ગયા છે અથવા હાલમાં કોઈ બોર્ડ સાથે કરાર હેઠળ નથી તેઓ આ લીગમાં ભાગ લઈ શકશે.

# સરવનન ઓલિમ્પિક માટે ફરી ક્વોલિફાય થયો

### વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ક્વોટા હાંસલ કર્યો

■ એડિલેડ



ભારતીય નાવિક વિષ્ણુ સરવણન સતત બીજી વખત ઓલિમ્પિક માટે ક્વોલિફાય થયો છે. જુલાઈ-ઓગસ્ટ મહિનામાં યોજાનારી પેરિસ ગેમ્સ 2024 માટે ક્વોલિફાય થનાર તે પ્રથમ ભારતીય નાવિક છે. 24 વર્ષીય સરવનને બુધવારે એડિલેડમાં આયોજિત ILCA-7 વર્લ્ડ ચેમ્પિયનશિપમાં 152 ખલાસીઓમાં 26મું સ્થાન મેળવીને પેરિસ ગેમ્સની ટિકિટ મેળવી. સરવનન મુંબઈ સ્થિત આર્મી સેલિંગ નોડમાં સુબેદાર છે. એશિયાઈ દેશોના ખેલાડીઓમાં સરવનન મોખરે રહ્યો. તેણે એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલ વિજેતા સિંગાપોરના ખેલાડીને હરાવ્યો હતો. સરવનનનો કુલ સ્કોર 174 હતો. નિયમો મુજબ, તેનો લઘુત્તમ સ્કોર 49 દૂર કરવામાં આવ્યો, વિષ્ણુ 2019 અંડર-21 વર્લ્ડ ચેમ્પિયનશિપનો બ્રોન્ઝ મેડલ વિજેતા છે. સરવનન પેરિસ ઓલિમ્પિક ગેમ્સ માટે ક્વોલિફાય કરનાર 36મો ખેલાડી બન્યો છે. આ ઓલિમ્પિક ગેમ્સ માટે ક્વોલિફાય થનાર તે પ્રથમ સેલર છે.

## NEWS FILE

### જય શાહ ACCના અધ્યક્ષ તરીકે ત્રીજીવાર ચૂંટાયા એક વર્ષ માટે લંબાવ્યો



નવી દિલ્હીઃ જય શાહ એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના પ્રમુખ તરીકે ફરી ચૂંટાયા છે. તેમનો કાર્યકાળ એક વર્ષ માટે લંબાવવામાં આવ્યો છે. ACCની એન્યુઅલ જનરલ મીટિંગમાં જય શાહનો કાર્યકાળ સર્વાનુમતે એક વર્ષ માટે લંબાવવામાં આવ્યો હતો. ઈન્ડોનેશિયાના બાલીમાં મંગળવારથી ACCની વાર્ષિક સામાન્ય સભા શરૂ થઈ હતી, જે આજે સમાપ્ત થઈ હતી. બેઠક 2 દિવસની હતી. જય શાહે 2021માં બાંગ્લાદેશના નઝમુલ હસનની જગ્યાએ આ પદ સંભાળ્યું હતું. **ACC મીડિયા અધિકારો હાલમાં સ્ટાર પાસે છે** વાર્ષિક બેઠકમાં એશિયાના તમામ ક્રિકેટ બોર્ડના સભ્યો ભાગ લેશે. જેમાં ACC મીડિયા રાઈટ્સ પર પણ નિર્ણય લેવામાં આવશે. જે અંતર્ગત એશિયા કપ જેવી મોટી ટુર્નામેન્ટનું પ્રસારણ થાય છે. જેમાં અંડર-23, અંડર-19 અને વુમન્સ એશિયા કપની મેચ પણ બતાવવામાં આવી છે. હાલમાં, ડિઝની પ્લસ હોટસ્ટાર પાસે ડિજિટલ રાઈટ્સ છે અને સ્ટાર પાસે ટીવી રાઈટ્સ છે. સ્ટારે 8 વર્ષ પહેલા આના રાઈટ્સ ખરીદ્યા હતા. ACC એ મીડિયા રાઈટ્સના ઓક્શન માટે તમામ ટોચના બ્રોડકાસ્ટર્સને ડિનર માટે પણ આમંત્રણ આપ્યું છે. આ બેઠકમાં એશિયા કપના આગામી સ્થળ અંગે પણ નિર્ણય લેવામાં આવશે.

### મુશીર ખાને અંડર-19 વર્લ્ડકપમાં બનાવ્યો રેકોર્ડ



નવી દિલ્હીઃ સરફરાઝ ખાનના ભાઈ મુશીર ખાને અંડર-19 વર્લ્ડકપમાં તેની બેટિંગથી હલચલ મચાવી દીધી છે. એક તરફ સરફરાઝને ટેસ્ટ ટીમ માટે ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવ્યો હતો, તો બીજી તરફ તેનો ભાઈ મુશીર ખાન અંડર-19 વર્લ્ડકપમાં પોતાની બેટિંગથી ક્રિકેટ જગતમાં ધૂમ મચાવી રહ્યો છે. મુશીરે ન્યૂઝીલેન્ડ સામેની અંડર-19 વર્લ્ડકપ સુપર-6 મેચમાં શાનદાર બેટિંગ કરતા 109 બોલમાં સદી ફટકારી હતી. મુશીરની અંડર-19 વર્લ્ડકપમાં આ બીજી સદી છે. તેણે સતત 2 સદી ફટકારીને એક ખાસ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે.

# 60 વર્ષમાં પહેલીવાર ભારતીય ટીમ પાકિસ્તાનના પ્રવાસે પહોંચી

### 10 હજાર કેમેરાથી દેખરેખ અને 'લોખંડી' સુરક્ષા

■ રાવલપિંડી

ભારત અને પાકિસ્તાન વચ્ચે રાજકીય તણાવને કારણે છેલ્લા એક દાયકાથી ક્રિકેટમાં દ્વિપક્ષીય સીરિઝ જોવા મળી નથી. પરંતુ અન્ય રમતો માટે ભારતીય ટીમ પાકિસ્તાનનો પ્રવાસ કરી રહી છે. આ દરમિયાન ભારતીય ટેનિસ ટીમ ડેવિસ કપ મેચ માટે રવિવારે પાકિસ્તાન પહોંચી હતી. ભારતીય ટીમમાં 5 ખેલાડીઓ, 2 ફિઝિયો અને ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિયેશન (AITA)ના 2 અધિકારીઓ સામેલ છે. લગભગ 60 વર્ષમાં ભારતીય ટેનિસ ટીમનો આ પહેલો પાકિસ્તાન પ્રવાસ છે. આ દરમિયાન ભારતીય ટીમને ત્યાં રાષ્ટ્રપતિ જેવી સુરક્ષા આપવામાં આવી છે. ગુલ રહેમાને કહ્યું, "ભારતીય ટીમ 60 વર્ષ બાદ પાકિસ્તાન આવી છે, તેથી અમે વધારાની સાવચેતી રાખી રહ્યા છીએ. ભારતીય ટીમની આસપાસ 4થી 5 સ્તરની સુરક્ષા હશે. હું પણ સુરક્ષા મેનેજર તરીકે પ્રવાસ દરમિયાન ટીમ સાથે રહીશ. પ્રવાસ દરમિયાન એસ્કોર્ટ વાહન ટીમ સાથે રહે છે.

### પ્રવાસ દરમિયાન હંમેશા બે એસ્કોર્ટ વાહનો સાથે રહેશે



ભારતીય ટીમની સુરક્ષા માટે બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, 2 એસ્કોર્ટ વાહનો, 5 લેયર સિક્યોરિટી હંમેશા તૈનાત રહેશે. આ ઉપરાંત 10 હજાર કેમેરા દ્વારા દેખરેખ રાખવામાં આવશે. ભારતીય ટીમને હોટલ અને મેચના સ્થળો સુધી મર્યાદિત રહેવું પડશે.બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ દરરોજ સવારે ઈસ્લામાબાદ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની તપાસ કરશે. ભારતીય ટીમના પ્રવાસ દરમિયાન હંમેશા બે એસ્કોર્ટ વાહનો તેમની સાથે રહેશે. પીટીએફ ઈન્ટરનેશનલ ટેનિસ ફેડરેશનના જનરલ સેક્રેટરી કર્નલ ગુલ રહેમાને પણ આ જ વાત કહી છે.

# મોદી સરકારનું વચગાળાનું બજેટ

## નાણા મંત્રી નિર્મલા સીતારમણે છઠ્ઠી વખત બજેટ રજૂ કર્યુ

## જુલાઈ 2024ના બજેટ પહેલાં પાથર્યુ ફૂલગુલાબી ચિત્ર

## સોશિયલ મીડિયા પર મીમ્સની ભરમાર: અબ્બા, ડબ્બા, જબ્બા

નવી દિલ્લીઃ મોદી સરકારનું આ બીજું વચગાળાનું બજેટ છે. આ વખતે નાણામંત્રી નિર્મલા સીતારમણનું બજેટ ભાષણ ટૂંકા ગાળાનું હતું, પરંતુ તેમાં ઘણી નાની-મોટી જાહેરાતો કરવામાં આવી હતી. અહીં અમે મુદ્દાઓમાં આ મહત્વપૂર્ણ બાબતો જણાવી રહ્યા છીએ. આમાં કેટલાક આંકડા અને કેટલાક મહત્વપૂર્ણ નીતિગત નિર્ણયો છે, જે તમને અસર કરી શકે છે. તો ચાલો જાણીએ આ મહત્વની વાતો એક પછી એક...

## બજેટમાં ટેક્સ શબ્દનો 42 વખત ઉલ્લેખ: રાહત માટે જુલાઈ સુધીનો ઈંતઝાર

### ટેક્સમાં કોઈ ફેરફાર નથી, 2.5 લાખ રૂપિયા સુધીની આવક કરમુક્ત

સરકારે આ વખતે આવકવેરામાં સામાન્ય માણસને કોઈ રાહત આપી નથી. જો તમે જૂની ટેક્સ સિસ્ટમ પસંદ કરો છો, તો તમારી 2.5 લાખ રૂપિયા સુધીની આવક હજુ પણ કરમુક્ત રહેશે. જો કે, આવકવેરા કાયદાની કલમ 87A હેઠળ, તમે 5 લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ બચાવી શકો છો. નવી ટેક્સ સિસ્ટમ પસંદ કરવા પર, પહેલાની જેમ, તમારે 3 લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ ચૂકવવો પડશે નહીં. આમાં પણ, આવકવેરા કાયદાની કલમ 87A હેઠળ, પગારદાર વ્યક્તિઓ 7.5 લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ છૂટ મેળવી શકે છે અને અન્યને 7 લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ છૂટ મળી શકે છે.

### આયુષ્માન ભારતમાં આશા-આંગણવાડી કાર્યકરોને આવરી લેવાશે

આયુષ્માન ભારત યોજના હેઠળ હવે તમામ આંગણવાડી અને આશા વર્કરોને તેના દાયરામાં લાવવામાં આવશે. તેની શરૂઆત 2018માં કરવામાં આવી હતી. આ યોજના દેશના ઓછી આવક જૂથના નાગરિકોને આરોગ્ય સુરક્ષા પૂરી પાડે છે. હાલમાં, આ યોજના હેઠળ, 5 લાખ રૂપિયા સુધીની સારવાર મફતમાં ઉપલબ્ધ છે.

### લખપતિ દીદી યોજનાનો વ્યાપ વધ્યો

બજેટમાં લખપતિ દીદી યોજના હેઠળ 3 કરોડ મહિલાઓને કરોડપતિ બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. અગાઉ આ લક્ષ્યાંક 2 કરોડ હતો. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં એક કરોડ મહિલાઓને કરોડપતિ બનાવવામાં આવી છે. યોજના હેઠળ મહિલાઓને ઉદ્યોગ સાહસિકતા, શિક્ષણ અથવા અન્ય જરૂરિયાતો માટે નાની લોન આપવામાં આવે છે.

### રૂફટોપ સોલારથી 300 યુનિટ સુધી મફત વીજળી મળશે

રૂફટોપ સોલારાઈઝેશન દ્વારા, એક કરોડ પરિવારોને દર મહિને 300 યુનિટ સુધી મફત વીજળી મળશે. કેન્દ્ર સરકાર 2014થી 'નેશનલ રૂફટોપ સ્કીમ' ચલાવી રહી છે. તે જ સમયે, પીએમ નરેન્દ્ર મોદીએ પણ તાજેતરમાં જ 'પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના'ની જાહેરાત કરી છે. આમાં 1 કરોડ ઘરોમાં રૂફટોપ સોલર લગાવવામાં આવશે.

### બ્લુ ઈકોનોમી 2.0 હેઠળ શરૂ થશે સ્કીમ



બ્લુ ઈકોનોમી એટલે સમુદ્ર આધારિત અર્થતંત્ર અથવા દરિયાઈ સંસાધનોના સંશોધન દ્વારા વિકાસ. કેન્દ્ર સરકાર દરિયાકાંઠાના રાજ્યોની નજીક બ્લુ-ઈકોનોમી દ્વારા વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ભારતનું પહેલું આ પ્રકારનું દરિયાઈ મિશન છે, જેમાં પ્રવાસીઓને સમુદ્રની ઊંડાઈમાં સ્કુબા ડાઈવિંગ કરાવવામાં આવશે. દેશની જીડીપીમાં બ્લુ ઈકોનોમીનો ફાળો લગભગ 4% છે.

### UDAN યોજના હેઠળ નવા એરપોર્ટ બનાવવામાં આવશે

નાણામંત્રીએ કહ્યું કે ઉડાન (ઉડે દેશ કા આમ નાગરિક) યોજના હેઠળ નવા એરપોર્ટ બનાવવામાં આવશે અને પહેલાથી જ અસ્તિત્વમાં રહેલા એરપોર્ટનું વિસ્તરણ કરવામાં આવશે. આ યોજના 2016માં શરૂ કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એર કનેક્ટિવિટીના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને સામાન્ય નાગરિકો માટે ફ્લાઈટ સેવાઓ સુલભ બનાવવાનો છે.

### સંરક્ષણ બજેટમાં 3.4 ટકાનો વધારો થયો

ભારતનું સંરક્ષણ બજેટ હવે 6.20 લાખ કરોડ રૂપિયા છે. ગયા વર્ષે સંરક્ષણ બજેટ 5.93 લાખ કરોડ રૂપિયા હતું. એટલે કે આ વખતે સંરક્ષણ બજેટમાં 3.4%નો વધારો થયો છે. સરકારે આ વર્ષે ત્રણેય સેનાઓના પગાર માટે 2.82 લાખ કરોડ રૂપિયા ફાળવ્યા છે. જે ગયા વર્ષની સરખામણીમાં 12652 કરોડ રૂપિયા વધુ છે.

### રેલવેના 40 હજાર કોચ વંદે ભારત સ્ટાન્ડર્ડના બનશે

નાણામંત્રી નિર્મલા સીતારમણે તાજેતરના બજેટમાં આની જાહેરાત કરી હતી. આ સિવાય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાયેલી મોટી જાહેરાત કરવામાં આવી હતી. માલસામાનની હેરફેર માટે બનાવવામાં આવી રહેલા રેલવે કોરિડોર ઉપરાંત વધુ ત્રણ રેલવે કોરિડોર બનાવવામાં આવશે.

## NEWS FILE

### જ્ઞાનવાપીમાં મોડી રાતે પૂજા થઈ, 31 વર્ષ પછી ખૂલ્યું મંદિર




વારાણસીઃ 31 વર્ષ બાદ બુધવારની મોડી રાત્રે 11 કલાકે જ્ઞાનવાપીના વ્યાસ ભોંયરામાં મૂર્તિઓની સ્થાપના અને પૂજા કરવામાં આવી હતી. આ દરમિયાન ડીએમ અને પોલીસ કમિશનર હાજર રહ્યા હતા. દીવો પ્રગટાવી ગણેશ-લક્ષ્મીની આરતી કરવામાં આવી હતી. ભોંયરામાં દીવાલ પર ત્રિશૂળ સહિત અન્ય ધાર્મિક પ્રતીકોની પણ પૂજા કરવામાં આવી હતી. તે જ સમયે, ફરિયાદી પક્ષ ગુરુવારે સવારે મંદિરે પહોંચ્યો હતો. વારાણસી ડિસ્ટ્રિક્ટ કોર્ટે બુધવારે બપોરે લગભગ 3 વાગ્યે પૂજા કરવાનો આદેશ આપ્યો હતો. ત્યારથી કાશી વિશ્વનાથ ધામ સંકુલમાં પોલીસ-વહીવટની પ્રવૃત્તિ તેજ થઈ ગઈ હતી.

### ઉ.ભારતમાં હિમવર્ષાની શરૂઆત થતાં જ ઠંડી વધી

નવી દિલ્હીઃ દિલ્હી-એનસીઆરના ઘણા ભાગોમાં ધુમ્મસ છવાયેલું છે. બુધવારે શૂન્ય વિઝિબિલિટીના કારણે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર 110થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી. ધુમ્મસના કારણે દિલ્હી રેલવે સ્ટેશનથી 23 ટ્રેનો મોડી પડી છે. બીજી તરફ, બુધવારે જમ્મુ-કાશ્મીર અને હિમાચલપ્રદેશના ઘણા ભાગોમાં પણ હિમવર્ષા થઈ હતી. હિમાચલના સાત જિલ્લાઓમાં 56 દિવસ પછી સિઝનની પ્રથમ ભારે હિમવર્ષા થઈ. રાજ્યમાં 5 ડિસેમ્બરે વરસાદ અને હિમવર્ષા થઈ હતી.

### લક્ષદ્વીપને દેશના ટાપુઓની કાયાપલટ માટે મેગા પ્રોજેક્ટ



નવી દિલ્લીઃ નાણામંત્રી નિર્મલા સીતારમણે વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું, આ વચગાળાના બજેટમાં નાણામંત્રીએ કેન્દ્રની મોદી સરકારની ઘણી સિદ્ધિઓ ગણાવી, સાથે જ ઘણી મોટી જાહેરાતો પણ કરી છે. આપણો દેશ પ્રવાસન માટે એક મોટા સ્થળ તરીકે ઉભરી આવ્યો છે. મધ્યમ વર્ગ પણ પર્યટન સ્થળો પર જવા લાગ્યા છે. તેને હવે નવી જગ્યાઓ વિશે જાણવામાં રસ છે. ભારતને વૈશ્વિક સ્તરે ટુરિઝમ હબ બનાવવા માટે બ્રાન્ડિંગ અને માર્કેટિંગ કરવામાં આવશે. ઉપરાંત પ્રવાસન કેન્દ્રોને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે.

# દોઢ ડઝન નોન-બીજેપી CM અને પૂર્વ સીએમ EDના સકંજામાં

## મોદી સરકારના નિશાના પર છે અનેક મોટા-મોટા નેતાઓ

## લોકસભાની ચૂંટણી પહેલાં આ નેતાઓ સાથે થઈ શકે છે ખેલા

■ નવી દિલ્હી

ઝારખંડની સત્તાધારી પાર્ટી ઝારખંડ મુક્તિ મોરચાના પ્રમુખ અને મુખ્યમંત્રી હેમંત સોરેનની EDએ બુધવારે કલાકો સુધી પછપરછ કર્યા બાદ ધરપકડ કરી લીધી હતી. હેમંત સોરેન ઉપરાંત પણ વિપક્ષી પાર્ટીના અનેક સીએમ અને પૂર્વ સીએમ કેન્દ્રીય તપાસ એજન્સીના સકંજામાં છે..

**અરવિંદ કેજરીવાલ** દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દિલ્હી એક્સાઈઝ પોલિસી મામલે તપાસ એજન્સીનો સામનો કરી રહ્યા છે. એજન્સીએ આરોપ લગાવ્યો છે કે તેમની સરકારે 100 કરોડ રૂપિયાની લાંચ લઈને દારૂના વેપારીઓના પક્ષમાં નીતિ બનાવી હતી. કેજરીવાલ અત્યાર સુધીમાં EDના ચાર સમન્સની અવગણના કરી ચૂક્યા છે. EDએ તેમને પાંચમી વખત સમન્સ પાઠવ્યા છે અને 2 ફેબ્રુઆરીએ હાજર થવા જણાવ્યું છે.

**રેવંત રેડ્ડી** તેલંગાણાના સીએમ રેવંત રેડ્ડી મની લોન્ડરિંગ કેસમાં EDની તપાસ હેઠળ છે. વિધાનસભામાં ટીડીપીના તત્કાલિન નેતા રેડ્ડી પર 2015માં એમએલસી ચૂંટણીમાં તેમની તરફેણમાં મત આપવા માટે નામાંકિત ધારાસભ્યને 50 લાખ રૂપિયાની લાંચ આપવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

**પિનરાઈ વિજયન** EDએ એપ્રિલ 2021માં કેરળના સીએમ પિનરાઈ વિજયન વિરુદ્ધ PMLA તપાસ શરૂ કરી હતી. આ મામલો ઈડુક્કીમાં હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટના આધુનિકીકરણ માટે કેનેડિયન ફર્મ એસએનસી લવલિનને આપવામાં આવેલા કોન્ટ્રાક્ટમાં કથિત ભ્રષ્ટાચાર સાથે સંબંધિત છે. ત્યારે વિજયન વીજ મંત્રી હતા.

**વાયએસ જગન મોહન રેડ્ડી** આંધ્ર પ્રદેશના સીએમ જગન મોહન રેડ્ડી યુપીએના કાળથી અનેક તપાસનો સામનો કરી રહ્યા છે. EDએ 2015માં નવા પીએમએલએ મામલે તેમની સામે કેસ દાખલ કર્યો હતો. આ મામલો જગનની માલિકીની ભારતી સિમેન્ટ્સના નાણાકીય મામલે સબંધિત છે.

**ભૂપેશ બઘેલ** છત્તીસગઢના પૂર્વ CM ભૂપેશ બઘેલ સરકાર દરમિયાન કોલસાના પરિવહન, દારૂની દુકાનોના સંચાલન .મહાદેવ ગેમિંગ એપમાં અનિયમિતતા સાથે સંબંધિત કથિત મની લોન્ડરિંગના ત્રણ કેસમાં EDની તપાસનો સામનો કરી રહ્યા છે.